શ્રી

# ગુરુસ્તુતિઆદિસંગ્રહ



: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૧૫૯

ૐ

नमः सद्गुरुवे ।

શ્રી

# ગુરુસ્તુતિઆદિસંગ્રહ

[ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સંબંધી
ઉપકૃતભાવભીની સ્તુતિ ઇત્યાદિ સગ્રંહ ]

—: પ્રકાશક :—

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

**સોનગઢ—૩૬૪૨૫૦**

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમાવૃત્તિ | વિ. સં. ૨૦૪૨ | સન 1986 | પ્રત : | ૧૦૦૦ |
| દ્વિતીયાવૃત્તિ | વિ. સં. ૨૦૪૩ | સન 1987 | પ્રત : | ૨૦૦૦ |
| તૃતીયાવૃત્તિ | વિ. સં. ૨૦૪૯ | સન 1993 | પ્રત : | ૩૦૦૦ |
| ચતુર્થ આવૃત્તિ | વિ. સં. ૨૦૬૪ | સન 2008 | પ્રત : | ૨૦૦૦ |


શ્રી ગુરુસ્તુતિઆદિસંગ્રહ (ગુજરાતી)ના

**❁ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❁**

શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મોદીના સ્મરણાર્થે હ. વિમળાબેન ગીરધરલાલ મોદી, પ્રજ્ઞાબેન રસિકલાલ ડગલી, હંસાબેન પ્રમોદભાઈ મહેતા, ચેતનાબેન મહેન્દ્રભાઈ મહેતા, છાયાબેન દીપકભાઈ પારેખ

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૧૬=૫૦ થાય છે. મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૧૬=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૮=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૮=૦૦**


મુદ્રક


**કહાન મુદ્રણાલય**

જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ

સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

PH (02846) 244081

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

# પ્રકાશકીય નિવેદન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો મુમુક્ષુ સમાજ ઉપર અમાપ ઉપકાર સદાય પ્રવર્તે છે. આ ભાવનાને મુમુક્ષુઓના અંતરમાં જીવંત રાખવાનો સાચો યશ તો પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને જ છે. ભગવતી માતાની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની અત્યંત ભક્તિભીની પ્રેરણાથી સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મજયંતી મહોત્સવ અવિરતપણે ઉજવવામાં આવી રહ્યો છે. આ મહોત્સવમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ પ્રવચન પછી નિયમિત પૂજ્ય ગુરુદેવશ્રીની ભક્તિ કરવામાં આવે તેવી પૂજ્ય બહેનશ્રીની ભાવના હતી. આ માટે તેઓએ ગુરુદેવશ્રીની ભક્તિનાં વિવિધ સ્તવનો સ્વયં રચી અને ગવડાવવાનું ચાલું કર્યું. આ ભાવભીના સ્તવનોની એક પુસ્તિકા છપાય તો તે કાયમ ઉપયોગી થાય તે હેતુને ધ્યાનમાં રાખી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ 'શ્રી ગુરુસ્તુતિઆદિસંગ્રહ'નું પ્રકાશન શ્રી સં. ૨૦૪૨માં કરવામાં આવ્યું. આ પુસ્તકમાં પૂજ્ય બહેનશ્રીએ રચેલી પૂજ્ય ગુરુદેવશ્રીની ભક્તિઓ, પૂજ્ય ગુરુદેવશ્રી સાથે કરેલ તીર્થયાત્રાઓ સમયે તેઓએ રચેલ તીર્થની ભક્તિઓ, સોનગઢમાં ઉજવવામાં આવતા દિપાવલી, મહાવીર શાસન જયંતી આદિ પર્વોનાં સ્તવનો તથા કેટલાંક અન્ય કવિઓએ રચેલાં સ્તવનો ઉમેરી આ પુસ્તકને સમૃદ્ધ બનાવામાં આવ્યું. આ પુસ્તકની લોકપ્રિયતાને લીધે અત્યાર સુધીમાં તેની ત્રણ આવૃત્તિઓ બહાર પાડવામાં આવી છે. તે તમામ પુસ્તકો ખપી જવાથી તેની આ ચોથી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી રહી છે. આશા છે કે મુમુક્ષુ સમાજ આનાથી અત્યંત લાભાન્વિત થશે.

| | |
|---|---|
| શ્રાવણ વદ-૨ | સાહિત્યપ્રકાશનસમિતિ |
| પૂજ્ય બહેનશ્રીનો | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ |
| ૯૫મો જન્મોત્સવ | સોનગઢ-૩૬૪૨૫૦ |
| તા. ૧૮-૮-૨૦૦૮ | |

*

# અનુક્રમણિકા


| સ્તવન | પૃષ્ઠ |
|---|---|
| શ્રી સદ્‌ગુરુદેવ—સ્તુતિ (સંસારસાગર તારવા) | ૧ |
| ગુરુ-જન્મવધામણાં (વૈશાખ સુદ બીજને વાર,) | ૨ |
| ગુરુજીની વાણી (સાગર ઊછળ્યો ને) | ૪ |
| ગુરુદેવનો ઉપકાર (જ્યાં જોઉં ત્યાં નજર પડતાં) | ૪ |
| ગુરુ-જન્મવધાઈ (આજ મંગળ વધાઈ વાગતી રે) | ૫ |
| ગુરુરાજ-મહિમા (શ્રી સદ્‌ગુરુજી મહિમા અપાર) | ૬ |
| શાસન તણા શિરોમણિ | ૮ |
| યોગીન્દ્રો! તવ પુનિત ચરણ | ૧૦ |
| માતાને સ્વપ્નાં લાધ્યાં | ૧૦ |
| ગુરુ-જન્મજયંતી આજે છે | ૧૧ |
| સુવર્ણપુરે વસ્યા એક સંત | ૧૨ |
| તુજ પાદપંકજ જ્યાં થયાં | ૧૩ |
| મેરા મનડા માંહી ગુરુદેવ | ૧૪ |
| શાસન-ઉદ્ધારક ગુરુ જન્મદિવસ | ૧૫ |
| મારા જીવન તણી શુદ્ધ શેરીએ.... | ૧૬ |
| શ્રી સદ્‌ગુરુ આતમરામી | ૧૭ |
| ભારતખંડમાં એક સંત ઊગિયો | ૧૮ |
| હો ભવિયા પામી અમૂલ્ય જિનવાણી | ૧૯ |
| ગુરુને વંદુ વાર હજાર | ૨૦ |
| ગુરુને પ્રાતઃ પ્રણામ | ૨૧ |
| શ્રી ગુરુરાજ તેરે ચરણોંમેં | ૨૧ |
| વાગે છે જ્ઞાનવાજાં | ૨૩ |
| સુખશાંતિપ્રદાતા | ૨૪ |
| જિણંદ-ચંદ-વાણી | ૨૫ |
| કહાનગુરુ બિરાજો મનમંદિરિયે | ૨૬ |
| વિદેહવાસી કહાનગુરુ ભરતે | ૨૭ |
| ગુરુરાજ પધાર્યા અમ આંગણે | ૨૮ |
| આવો પધારે મોંઘેરા ગુરુરાજજી રે | ૨૯ |
| આજ...મોતીડે મે વરસે જો | ૩૦ |
| શિખર સંમેદ સોહામણા | ૩૧ |
| આવો આવોને સુરનરવૃંદ | ૩૨ |
| આજ દેખ્યા શાશ્વત તીર્થરાજ | ૩૪ |
| વાસુપૂજ્ય જિનનાથને ભાવે પૂજું | ૩૫ |
| આજે દૈવી વાજાં વાગિયાં રે | ૩૭ |
| સંમેદશિખર....લાખો પ્રણામ | ૩૯ |
| આજે ગુરુજી...સ્વર્ણે પધાર્યા રે | ૪૧ |
| ગુરુજીની જોડ જગે નહિ જડે | ૪૪ |
| બાહુબલી—ભક્તિ | ૪૬ |
| આજે ગુરુજી મારા પોન્નૂર | ૪૮ |

| સ્તવન | પૃષ્ઠ |
|---|---|
| સોનેરી સદ્ગુરુદેવ પધારિયા રે | ૫૧ |
| મીઠાં સ્મરણ નેમિનાથનાં રે | ૫૩ |
| નેમીશ્વર કેવા હશે? | ૫૫ |
| ભરતે જન્મ્યા તારણહાર | ૫૭ |
| લાખ લાખ વાર જિનરાજનાં | ૫૮ |
| ધન્ય દિન આજે ઊગ્યો રે | ૬૦ |
| સુણો સીમંધરજિનની વાણ | ૬૧ |
| સુરેન્દ્રો આવો....સ્વાધ્યાયમંદિરે | ૬૨ |
| પ્રણવ-માહાત્મ્ય | ૬૩ |
| સુમતિનાં ૧૦૮ નામ | ૬૪ |
| ધન્ય ધન્ય શ્રી ઉમરાળા ગામ..... | ૬૬ |
| આવો આવો ગાઓને | ૬૭ |
| ધન્ય ધન્ય દિન આજ હૈ | ૬૮ |
| તુમ એક અલૌકિક | ૬૯ |
| યહ સંતોંકા દેશ હૈ | ૭૦ |
| કોના પગલે પગલે | ૭૧ |
| એ પ્રભાવશાળી આતમા | ૭૨ |
| અવની ઉદ્ધારવા | ૭૪ |
| એક અદ્ભુત આતમા | ૭૫ |
| ગુરુદેવ પ્રત્યે ક્ષમાપના | ૭૭ |
| જિનવાણી જયવંત ત્રણ લોકમાં | ૭૮ |
| મારા મંદિરિયામાં ત્રિશલાનંદ | ૭૯ |
| આજે દિવ્યધ્વનિ છૂટી | ૮૧ |
| વીરપ્રભુ સિદ્ધ થયા છે | ૮૨ |
| વીરજીની વાણી છૂટી રે | ૮૪ |
| વીર નિર્વાણ—સ્તવન | ૮૫ |
| સંદેશ દેજે ગુરુદેવને | ૮૬ |
| વીરજીનું શાસન ઝૂલે રે | ૮૮ |
| સોના—સૂરજ ઊગિયો રે | ૮૯ |
| સ્વર્ણમયી વધામણાં | ૯૧ |
| શ્રી સીમંધરભગવાન-સ્તવન (સુંદર સ્વર્ણપુરીમાં) | ૯૪ |
| ભજ ભજ પ્યારે! | ૯૫ |

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગમાંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
—ગુરુજી! જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

❀

પાવન-મધુર અદ્‌ભુત અહો! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્‌ભાગ્યથી, નિત્યે અહો! ચિદ્‌રસભર્યાં;
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યા,
ગુણમૂર્તિના ગુણગણ તણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

❀

સહજ ચિદાનંદ.

સ્વર્ણપુરે ધર્માયતનો સૌ ગુરુગુણકીર્તન ગાતાં;
સ્થળ-સ્થળમાં ‘ભગવાન આત્મ’ના ભણકારા સંભળાતા;
—કણ કણ પુરુષારથ પ્રેરે,
ગુરુજી આતમ અજવાળે.

[—પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન]

[ ૧ ]

શ્રી

# ગુરુસ્તુતિઆદિસંગ્રહ

[પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સંબંધી
ઉપકૃતભાવભીની સ્તુતિ ઇત્યાદિ સંગ્રહ]

## ૧. શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપે ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

*

## ૨. ગુરુ-જન્મવધામણાં

વૈશાખ સુદ બીજને વાર,
ઉજમબા ઘેર કહાન પધાર્યા;
(—આજ ગુરુજન્મવધામણાં);
ગર્જ્યા દુંદુભિના નાદ,
ઉમરાળા ગામે કહાન પધાર્યા. ૧.

ન માય આનંદ કુટુંબીજન હૈયે,
ભાગ્યવાન મોતીચંદભાઈ....ઉજમબા૦;
કહાનકુંવરનો જન્મ જ થાતાં,
ગંધોદક વૃષ્ટિ થાય....ઉજમબા૦ ૨.

કહાનકુંવરનો જન્મ જ થાતાં,
મનવાંછિત કુદરત થાય....ઉજમબા૦;

કહાન જનમતાં ભરતખંડ ડોલ્યું,
જનમ્યા અનુપમ કહાન....ઉજમબા૦ ૩.

મોતીચંદભાઈને ઘેર નૃત્ય આજ થાય છે,
ઘેર ઘેર મંગળ થાય....ઉજમબા૦;
દેવદેવેન્દ્રો મંગળ આજ ગાય છે,
ભરતખંડમાં ડંકા થાય....ઉજમબા૦ ૪.

બાળક કુંવર કહાન એ જુદા હતાં કોઈ,
ખેલતા'તા જ્ઞાનકુંજ માંહી....ઉજમબા૦;
વીત્યા વીત્યા તે કાંઈ બાળકાળ વીત્યા,
લાગી ધૂન આતમાની માંહી..ઉજમબા૦ ૫.

વૈરાગી કહાને ત્યાગ જ લીધો,
કાઢ્યું અલૌકિક કાંઈ.....ઉજમબા૦;
કહાનગુરુએ બંસરી બજાવી,
મીઠા એ બંસરીના સૂર....ઉજમબા૦ ૬.

મીઠા આ સૂર અહીં આવ્યા છે ક્યાંથી,
જાગ્યો છે એક કોઈ સંત....ઉજમબા૦;
ચાલો સહુ એ સુણવા જઈએ,
મીઠા આ બંસરીના સૂર....ઉજમબા૦ ૭.

અબધૂત અલખ જગાડનાર સંત આ,
દેવોને આશ્ચર્ય થાય....ઉજમબા૦;
અધ્યાત્મરસનો રસીલો સંત આ,
શ્રુતસાગર ઊછળ્યા મહાન....ઉજમબા૦ ૮.

પાક્યા છે યુગપ્રધાની સંત આ,
સેવકને હરખ ન માય....ઉજમબા૦;
એવા સંતની ચરણસેવાથી,
ભવના આવે છે અંત..... ઉજમબા૦;

પંચમકાળે અહોભાગ્ય ખીલ્યાં છે,
વંદન હોજો અનંત.....ઉજમબા૦ ૯.

✻

## ૩. ગુરુજીની વાણી

સાગર ઊછળ્યો ને જાણે લ્હેરીઓ ચડી;
ગુરુજીની વાણી એવી ગગને અડી.
પંખી ઉડતા'તાં હતી એક આશડી;
તરસ્યું છીપે જો મળી મીઠી વીરડી....સા૦
ઝાંઝવાનાં જળથી છીપી નહિ તરસડી;
એવાં મિથ્યા નીરની જ્યારે ખબરું પડી....સા૦
તરસ્યા જીવોને સત્ય વાટ સાંપડી;
કે ખારા સમુદ્રે છે એક મીઠી વીરડી....સા૦
આત્મધર્મ બોધ્યો છિપાવી તરસડી;
અજ્ઞાન સુમદ્રે છો કહાન જ્ઞાન-વીરડી....સા૦
વિનવું પ્રભુ આપને હું પાયલે પડી;
અવિચળ વ્હેજો એ મારી મીઠી વીરડી....સા૦

✻

## ૪. ગુરુદેવ ઉપકાર

(મંદાક્રાન્તા)

જ્યાં જોઉં ત્યાં નજર પડતાં રાગ ને દ્વેષ હા! હા!
જ્યાં જોઉં ત્યાં શ્રવણ પડતી પુણ્ય ને પાપ ગાથા;
જિજ્ઞાસુને શરણ સ્થળ ક્યાં? તત્ત્વની વાત ક્યાં છે?
પૂછે કોને પથ પથિક જ્યાં આંધળા સર્વ પાસે.

(શાર્દૂલવિક્રીડિત)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી, ગગનથી ઓ કહાન! તું ઊતરે,
અંધારે ડૂબતા અખંડ સતને તું પ્રાણવંતું કરે.
જેનો જન્મ થતાં સહુ જગતનાં પાખંડ પાછાં પડે,
જેનો જન્મ થતાં મુમુક્ષુહૃદયો ઉલ્લાસથી વિકસે;
જેના જ્ઞાનકટાક્ષથી ઉદય ને ચૈતન્ય જુદાં પડે,
ઈન્દ્રો એ જિનસુતના જનમને આનંદથી ઊજવે.

(અનુષ્ટુપ)

ડૂબેલું સત્ય અંધારે, આવતું તરી આખરે;
ફરી એ વીરવાક્યોમાં પ્રાણ ને ચેતના વહે.

*

## ૫. ગુરુ-જન્મવધાઈ

આજ મંગળ વધાઈ વાગતી રે,
કહાન કુંવર જન્મ્યા અહો આજ,
આજ ગુરુજી પધાર્યા ભરતમાં રે....આજ૦ ૧.

ધન્ય ધન્ય ઉમરાળા ગામને રે,
ધન્ય ધન્ય ઉજમબા માત;....આજ૦ ૨.

ધન્ય માતા પિતા કુળ જાતને રે,
જેને આંગણ જન્મ્યા બાળ કહાન;....આજ૦ ૩.

આજ તેજ થયાં જન્મધામમાં રે,
એના ભરતખંડમાં પ્રકાશ;....આજ૦ ૪.

આજ આનંદ મંગળ ઘેર ઘેર થયાં રે,
ઠેર ઠેર અહો! લીલા લહેર;....આજ૦ ૫.

બાળકુંવર કહાન એ લાડિલા રે,
માત પૂરે કુંવરના કોડ;....આજ૦ ૬.
પ્રભુ પારણેથી આત્મનાદ ગાજતા રે,
એની મુદ્રા અહો અદ્ભુત;....આજ૦ ૭.
કુંવર કહાને અપૂર્વ સત્ શોધિયું રે,
એના વૈરાગ્ય તણો નહિં પાર;....આજ૦ ૮.
એણે ત્યાગ કર્યો સંસારનો રે,
પ્રકાશ્યા મુક્તિ કેરા પંથ;....આજ૦ ૯.
કહાનગુરુએ હલાવ્યા હિંદને રે,
અહો! મલાવ્યો જ્ઞાયકદેવ;....આજ૦ ૧૦.
ધર્મચક્રી ભરતમાં ઊતર્યા રે,
અહો ધર્માવતારી પુરુષ;....આજ૦ ૧૧.
જ્ઞાન-અવતારી અહો આવિયા રે,
પધાર્યા સીમંધરસુત;....આજ૦ ૧૨.
કહાન ગુરુજીના જન્મ એ મીઠડા રે,
એના મીઠા વાણીના સૂર;....આજ૦ ૧૩.
ગુરુદેવના ગુણને શું કથું રે,
પ્રભુ સેવક તણા શણગાર;....આજ૦ ૧૪.

*

## ૬. ગુરુરાજ-મહિમા

શ્રી સદ્ગુરુજી મહિમા અપાર કે,
હું શું કથી શકું રે લોલ. ૧.
તેમના ગુણ છે અપરંપાર કે,
અચિંત્ય આત્મ ઝળકી રહ્યો રે લોલ. ૨.

અદ્‌ભુત જ્ઞાન ખજાનો અપાર કે,
ચરણાદિક શોભી રહ્યાં રે લોલ. ૩.

ખીલેલ આતમશક્તિ અપાર કે,
ચૈતન્યતેજ દીપી રહ્યું રે લોલ. ૪.

સમયસાર આદિમાંથી કાઢેલ માવો કે,
ખવડાવ્યો ખંતથી રે લોલ. ૫.

પીંખી પીંખી અને સમજાવ્યું,
રહસ્ય હૃદયનું રે લોલ. ૬.

અસલી સ્વરૂપનું આપ્યું જ્ઞાન કે,
ન્યાલ સેવકને કર્યો રે લોલ. ૭.

આવો પુરુષ આ કાળે અજોડ કે,
દુર્લભતા સત્ તણી રે લોલ. ૮.

પ્રભુ નો'તા કેવળી સંતના જોગ કે,
એકાકી સત્ શોધિયું રે લોલ. ૯.

પ્રભુ મતમતાંતરના મોટા ભેદ કે,
વચ્ચેથી સાર કાઢિયો રે લોલ. ૧૦.

સુરલોકે ઈન્દ્રો ગાય છે ગીત કે,
ભરતના આ ભૂપના રે લોલ. ૧૧.

ભરતમાં વર્તી રહ્યો છે જયકાર કે,
મહિમા કહાનગુરુ તણો રે લોલ. ૧૨.

પ્રભુ પામરને કર્યો ઉપકાર અમાપ કે,
અમૃત રેડિયાં રે લોલ. ૧૩.

આ શરીરની શિવડાવું ખોળ કે,
બદલો નહીં વળે રે લોલ. ૧૪.

ઝાઝું શું કહીએ કૃપાનાથ કે,
દાસ હું આપનો રે લોલ. ૧૫.

પ્રભુ અતિ અતિ દીજિયે આત્મતણો લાભ કે,
કૃપા વરસાવીને રે લોલ. ૧૬.

સાક્ષાત્ સુરમણિ સુરતરુ નાથ કે,
ફળિયો સત્‌ગુરુ રે લોલ. ૧૭.

કઈ વિધ પૂજું કઈ વિધ વંદું નાથ કે,
ગુરુમહિમા અપાર છે રે લોલ. ૧૮.

*

## ૭. અધ્યાત્મરસના રાજવી કહાનગુરુ

શાસન તણા શિરોમણિ સ્તવના કરું 'ગુરુ કહાન'ની;
તુજ દિવ્ય મૂર્તિ ઝળહળે, અધ્યાત્મરસના રાજવી. ૧.

અધ્યાત્મ-કલ્પવૃક્ષનાં ફળનો રસીલો તું થયો;
તું શીઘ્ર રસસાધક બન્યો, અંતર તણી સૃષ્ટિ લહ્યો. ૨.

તું લોકસંજ્ઞા જીતીને, અલમસ્ત થઈ જગમાં ફર્યો;
પરમાત્મનું ધ્યાન જ ધરી, તુજ આત્મને સ્વચ્છ જ કર્યો. ૩.

પ્રતિબંધ ટાળી લોકનો, આનંદની મોજે રહ્યો;
તેં શુદ્ધ ચેતન ધર્મનો અનુભવ હૃદયમાંહી લહ્યો. ૪.

અંતર તણા આનંદમાં સુરતા લગાવી પ્રેમથી;
શુભ દ્રવ્યભાવે તપ તપેથી શુદ્ધિ કરી શુભ નેમથી. ૫.

નિંદા કરી ના કોઈની, નિંદા કરી સહુ તેં સહી;
શુદ્ધ-આત્મરસ-ભોગી ભ્રમર, શુભદૃષ્ટિ તારામાં રહી. ૬.

ઔદાર્યને તેં આદરી જગમાં જણાવ્યું બોલથી;
આચારમાં મૂકી ઘણું જોયું અનુભવ તોલથી. ૭.

તારા હૃદયની ગૂઢતા ત્યાં મૂઢ જનની મૂઢતા;
જે આત્મયોગી હોય તે જાણે ખરે તવ શુદ્ધતા. ૮.

પહોંચ્યો અને પહોંચાડતો તું લોકને શુદ્ધ ભાવમાં;
અધ્યાત્મરસિયા જે થયા, બેઠા ખરે શુદ્ધ નાવમાં. ૯.

દુનિયા થકી ડરતો નથી, આશા નથી મમતા જરી;
જ્યાં હું વસું ત્યાં તું નહીં, એ ભાવના વિલસે ખરી. ૧૦.

સ્યાદ્‌વાદ પારાવાર છે, આનંદ અપરંપાર છે;
સાચા હૃદયનો સંત છે, પરવા નથી જયકાર છે. ૧૧.

આશા નથી કીર્તિ તણી, અપકીર્તિને ગણતો નથી;
લોકો મને એ શું કહે ત્યાં લક્ષને દેતો નથી. ૧૨.

વ્યવહારના ભેદો ઘણા ત્યાં ક્લેશને કરતો નથી;
લાગી લગનવા આત્મની, બીજું કશું જોતો નથી. ૧૩.

તેં ભાવસંયમ બોટમાં બેસી પ્રયાણ જ આદર્યું;
ભવપથ-ઉદધિ તરવા વિશે તેં લક્ષ અંતરમાં ધર્યું. ૧૪.

જે જે ભર્યું તુજ ચિત્તમાં, તે બાહ્યમાં દેખાય છે;
અધ્યાત્મરસરસિયા જનોથી તુજ હૃદય પરખાય છે. ૧૫.

એકાંતથી અધ્યાત્મમાં જે શુષ્ક થઈને ચાલતો,
ચાબુક તેને મારીને વ્યવહારમાંહી વાળતો. ૧૬.

*

## ૮. યોગીન્દ્રોને વંદન

યોગીન્દ્રો! તવ પુનિત ચરણ વંદન કરું,
ઉન્નત ગિરિશૃંગોના વસનારા તમે,
આવ્યા રંકઘરે શો પુણ્ય પ્રભાવ જો;
અર્પણતા પૂરી ના અપને આવડે,
ક્યારે લઈશું ઉર–કરુણાનો લ્હાવ જો.....યોગીન્દ્રો૦

સત્યામૃત વરસાવ્યાં આ કાળે તમે,
આશય અતિશય ઊંડા ને ગંભીર જો;
નંદનવન સમ શીતળ છાંય પ્રસારતા,
જ્ઞાનપ્રભાકર પ્રગટી જ્યોત અપાર જો....યોગીન્દ્રો૦

અણમૂલા સુતનુ ઓ! શાસનદેવીના,
આત્માર્થીની એક અનુપમ આંખ જો;
સંત સલુણા! કલ્પવૃક્ષ! ચિંતામણિ!
પંચમ કાળે દુર્લભ તવ દિદાર જો....યોગીન્દ્રો૦

*

સહજ ચિદાનંદ.

## ૯. માતાને સ્વપ્નાં લાધ્યાં ને......

માતાને સ્વપ્નાં લાધ્યાં ને ઝબકીને જાગ્યાં ઉજમબા,
સ્વપ્નાં એ મીઠડાં લાગ્યાં ને દુંદુભિ વાગ્યા ઉજમબા. ૧.

જોયું હૃદયમાં જાગી ને નીંદડી ત્યાગી ઉજમબા,
કૂખે આવ્યા છે બડભાગી ને ભાવઠ ભાંગી ઉજમબા. ૨.

માતાને ઉછરંગ આવ્યો ને સંદેશો સુણાવ્યો ઉજમબા,
માતપિતાને હર્ષ ન માયો, જોષીને તેડાવ્યો ઉજમબા. ૩.

જોષીએ જોષ એમ જોયા ને મનડાં મોહ્યાં ઉજમબા;
કાં કોઈ નગરીનો રાયા કે જગ-તારણહારો ઉજમબા. ૪.

મીઠડાં ફળ એમ સુણ્યાં ને ઉછરંગ આવ્યા ઉજમબા;
પરમ પુરુષ એ જન્મ્યા ને તેજ ઉભરાણાં ઉજમબા. ૫.

તેજ દેખીને માત મોહ્યાં ને ‘કહાન’ નામ રાખ્યા ઉજમબા;
માતને કાનુડા પ્યારા કે અજબ બાળલીલા ઉજમબા. ૬.

કહાને એવી બંસરી બજાવી રે આત્મનાદ ગજાવ્યા ઉજમબા;
થયો ધર્મ-ધુરંધર ધોરી કે જગ–તારણહારો ઉજમબા. ૭.

*

## ૧૦. ગુરુ-જન્મજયંતી

ગુરુ-જન્મજયંતી આજે છે,
ગુરુરાજની જયંતી આજે છે;
એના શબ્દ ગગનમાં ગાજે છે....ગુરુ-જન્મ૦ ૧.

વીરમાર્ગપ્રવર્તક ભરતે ગાજે છે,
ધર્મધ્વજનો ડંકો બજાવે છે;
શાસન ઉન્નતિ આજે છે....ગુરુ-જન્મ૦ ૨.

મુમુક્ષુ હૃદયો ઉલ્લસે છે,
આજે અમૃતવર્ષા વર્ષે છે;
જૈન શાસનનો જયકાર ગાજે છે....ગુરુ-જન્મ ૩.

આજે સ્વર્ગેથી ભક્ત દેવો આવે છે,
આવી ભક્તિની ધૂન મચાવે છે;
ગુરુરાજનો જયકાર ગજાવે છે....ગુરુ-જન્મ૦ ૪.

વૃક્ષો ને વેલડિયો નાચે છે,
ફળ ફૂલ આજે પાય લાગે છે;
ગુરુભક્તિમાં સહકાર આપે છે....ગુરુ-જન્મ૦ ૫.

અજોડ સંતની વધાઈ વાગે છે,
કેસરી સિંહની વધાઈ વાગે છે;
એ તો ગુણમાં વધતો ગાજે છે....ગુરુ-જન્મ૦ ૬.

દિવ્યધ્વનિનાં રહસ્યો જેણે ખોલ્યાં છે,
શાસ્ત્રના ઊંડા મર્મ ઊકેલ્યા છે;
એ તો જગના તારણહાર જાગ્યા છે...ગુરુ-જન્મ૦ ૭.

પ્રભુ સેવક લળી પાય લાગે છે,
આત્મલાભની વધાઈ આજે વાગે છે;
કૃપાનાથ કૃપા વરસાવે છે....ગુરુ-જન્મ૦ ૮.

*

## ૧૧. સુવર્ણપુરે વસ્યા એક સંત

(રાગ : ભેટે ઝૂલે છે તલવાર)

સુવર્ણપુરે વસ્યા એક સંત,
જન્મ્યા ભવ્યોને તારવા;
જેનાં પગલાંથી કણકણ પાવન,
બન્યું સુવર્ણ તીર્થધામ, જન્મ્યા૦
અપૂર્વ અલખ કોઈ એણે જગાડ્યો,
જગાડ્યા અનેક ભવ્ય જીવ, જન્મ્યા૦ ૧.
સોળ કળાએ જ્ઞાનસૂર્ય પ્રકાશ્યો,
પ્રકાશ્યો ચૈતન્યરાજ, જન્મ્યા૦
જેની મુદ્રામાં શાંતરસ છવાણા,
વાણીમાં અમીરસ ધાર, જન્મ્યા૦ ૨.
અંતરપટમાં ગૂઢતા ભરી છે,
કળવી મહા મુશ્કેલ, જન્મ્યા૦

અંતરહૃદયમાં કરુણાનો પિંડ છે,
દૃઢતાને નહિ પાર. જન્મ્યા૦ ૩.
દર્શનથી સત્ રુચિ જાગે છે,
વાણીથી અંતર પલટાય; જન્મ્યા૦
સદ્ગુરુદેવા અમૃત પીરસતા,
સેવક વારી વારી જાય. જન્મ્યા૦ ૪.
સિંહકેસરીના સિંહનાદેથી,
હલાવ્યું છે આખું હિંદ, જન્મ્યા૦
સુવર્ણપુરીમાં નિત્ય નિત્ય ગાજતા,
આત્મ-બંસી કેરા સુર. જન્મ્યા૦ ૫.
જ્ઞાતા-અકર્તાનું સ્વરૂપ સમજાવે,
સ્વપરનો બતાવે ભેદ, જન્મ્યા૦
કલ્પવૃક્ષ અમ આંગણે ફળિયું,
મનવાંછિત દાતાર. જન્મ્યા૦ ૬.
શ્રી ગુરુદેવની ચરણસેવાથી,
ભવના આવે છે અંત, જન્મ્યા૦
તન-મન-ધન પ્રભુ ચરણે અર્પ્યું;
તોયે પૂરું નવ થાય, જન્મ્યા૦ ૭.

*

## ૧૨. તુજ પાદપંકજ જ્યાં થયાં....

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે;
એ ગામ–પુરને ધન્ય છે, એ માત કુળ જ વન્દ્ય છે. ૧.
તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે;
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે. ૨.

તારી મતિ, તારી ગતિ, ચારિત્ર લોકાતીત છે;
આદર્શ સાધક તું થયો, વૈરાગ્ય વચનાતીત છે. ૩.

વૈરાગ્યમૂર્તિ, શાંતમુદ્રા, જ્ઞાનનો અવતાર તું;
ઓ દેવના દેવેન્દ્ર વહાલા! ગુણ તારા શું કથું? ૪.

અનુભવ મહીં આનંદતો સાપેક્ષ દૃષ્ટિ તું ધરે;
દુનિયા બિચારી બાવરી તુજ દિલ દેખે ક્યાં અરે. ૫.

તારા હૃદયના તારમાં રણકાર પ્રભુના નામના;
એ નામ 'સોહં' નામનું, ભાષા પરા જ્યાં કામ ના. ૬.

અધ્યાત્મની વાતો કરે, અધ્યાત્મની દૃષ્ટિ ધરે;
નિજ દેહ–અણુઅણુમાં અહો! અધ્યાત્મરસ ભાવે ભરે. ૭.

અધ્યાત્મમાં તન્મય બની અધ્યાત્મને ફેલાવતો;
કાયા અને વાણી–હૃદય, અધ્યાત્મમાં રેલાવતો. ૮.

જ્યાં જ્યાં તમારી દૃષ્ટિ, ત્યાં આનંદના ઊભરા વહે;
છાયા છવાયે શાંતિની, તું શાંતમૂર્તે! જ્યાં રહે. ૯.

અધ્યાત્મમૂર્તિ, શાન્તમુદ્રા, જ્ઞાનનો અવતાર તું;
ઓ કહાનદેવ દેવેન્દ્ર વહાલા! ગુણ તારા શું કથું? ૧૦.

*

## ૧૩. મેરા મનડા માંહી ગુરુદેવ....

મેરા મનડા માંહી ગુરુદેવ રમે;
જગના તારણહારાને મારું દિલ નમે.

ધર્મધ્વજ ફરકે છે મોરે મંદિરિયે;
સ્વાધ્યાયમંદિર સ્થપાયા અમ આંગણિયે.

શાસનતણા સમ્રાટ અમારે આંગણે આવ્યા,
અદ્‌ભુત યોગિરાજ અમારાં ધામ દીપાવ્યાં;

મીઠો મહેરામણ આંગણિયે કહાન મહારાજ,
પુણ્યોદયનાં મીઠાં ફળ ફળિયાં આજ. મેરા૦ ૧.

અમૃતભર્યાં જ્યાં ઉર છે, નયને વિજયનાં નૂર છે,
જ્ઞાનામૃતે ભરપૂર છે, બ્રહ્મચારી એ ભડવીર છે;

યુક્તિ-ન્યાયમાં શૂરા છો યોગીરાજ,
નિશ્ચય-વ્યવહારના સાચા છો જાણનહાર. મેરા૦ ૨.

દેહે મઢેલા દેવ છો, ચરિતે સુવર્ણવિશુદ્ધ છો,
ધર્મે ધુરંધર સંત છો, શૌર્યે સિંહણ-પીધ-દૂધ છો;

મુક્તિ વરવાને ચાલ્યા છો યોગિરાજ,
સનાતન ધર્મના સાચા છો ઋષિરાજ. મેરા૦ ૩.

સૂત્રો બતાવ્યાં શાસ્ત્રમાં, ઉકેલવાં મુશ્કેલ છે,
અક્ષર તણો સંગ્રહ ઘણો, પણ જ્ઞાન પેલે પાર છે;

અંતર્ગતના ભાવોને ઓળખનાર,
આત્મિક વીર્યના સાચા સેવનહાર. મેરા૦ ૪.

*

સહજ ચિદાનંદ.

## ૧૪. શાસન-ઉદ્ધારક ગુરુ જન્મદિવસ

શાસન-ઉદ્ધારક ગુરુ જન્મદિવસ છે આજનો રે,
જેને અંતર ઊછળ્યાં આત્મ તણાં નિધાન,
જયજયકાર જગતમાં કહાનગુરુનો ગાજતો રે. શાસન૦ ૧.

(સાખી)

ઉમરાળામાં જનમિયા ઉજમબા કૂખ નંદ,
કહાન તારું નામ છે જગતવંદ્ય અનુપ;

જયજયકાર જગતમાં થાયે તુજનો આજ,
મહિમા તુજ ગુણની હું શી કહું મુખથી સાહિબા રે. શાસન૦ ૨.

જ્ઞાન-ભાનુ પ્રકાશિયો, ઝળક્યો જગત મોઝાર,
સાગર અનુભવ જ્ઞાનનો રેલાવ્યો ગુરુરાજ.

વિષમકાળે વરસ્યો અમૃતનો વરસાદ,
તારી ભક્તિ તણો આલ્હાદ ઈચ્છે ઈન્દ્રો-પતિ રે. શાસન૦ ૩.

સીમંધર જિનરાજના નંદન રૂડા કહાન,
ઊછળ્યા સાગર શ્રુતના તુજ આતમ મોઝાર;

તારા જન્મે તો હલાવ્યું આખા હિંદને રે,
પંચમ કાળે તારો અદ્વિતીય અવતાર,
સારા ભરતે તારો મહિમા અખંડ વ્યાપી રહ્યો રે. શાસન૦ ૪.

સેવા ચરણકમળતણી ઈચ્છું નિશદિન દેવ,
તુજ ચરણ સમીપ રહી, કરીએ આત્મકલ્યાણ,

તારા ગુણતણો મહિમા છે અપરંપાર;
તારા જન્મે ગગને દેવદુંદુભિ વાગિયાં રે,
ઈંદ્રો ચંદ્રો તારા જન્મદિવસને ઊજવે રે. શાસન૦ ૫.

*

## ૧૫. ગુરુ મારા ઘેર આવોને....

મારા જીવન તણી શુદ્ધ શેરીએ ગુરુ આવોને;
હું તો જોઉં વાલમની વાટ, મારા ઘેર આવોને. ૧.

મારા ચંદનના ચિત્ત ચોકમાં ગુરુ આવોને;
મારા આતમ સરોવર ઘાટ, મારા ઘેર આવોને. ૨.

મેં છોડી સ્વચ્છંદતા માહરી ગુરુ આવોને;
ગુરુચરણે કર્યું દિલ ડુલ, મારા ઘેર આવોને. ૩.

હું જ્યોત જગાવું પ્રેમની ગુરુ આવોને;
ગુરુ વેર્યાં આનંદનાં ફૂલ, મારા ઘેર આવોને. ૪.

મને વ્યાપી વિરહ તણી વેદના ગુરુ આવોને;
મારાથી ખમી ન ખમાય, મારા ઘેર આવોને. ૫.

મારે એક ઘડી એક યુગ થઈ ગુરુ આવોને;
ગુરુ દરશન દેવાને દયાળ, મારા ઘેર આવોને. ૬.

જ્ઞાનનિધિ જ્ઞાન પ્રગટાવવા ગુરુ આવોને;
મને પાવન કરો ધરી પાદ, મારા ઘેર આવોને. ૭.

તમે મારાં નયનના તારલા ગુરુ આવોને;
મારા હૈયાના અણમૂલા હાર, મારા ઘેર આવોને. ૮.

આ ત્રિવિધ તાપને ટાળવા ગુરુ આવોને;
સંત સેવક તણા શણગાર, મારા ઘેર આવોને. ૯.

મારા જીવન તણી શુદ્ધ શેરીએ, ગુરુ આવોને;
હું તો જોઉં ગુરુજીની વાટ, મારા ઘેર આવોને. ૧૦.

સહજ ચિદાનંદ.

*

## ૧૬. શ્રી સદ્ગુરુ આતમઆરામી

શ્રી સદ્ગુરુ આતમ-આરામી,
ભાગ્યે મળિયા જગવિશરામી;
અંતર આનંદ અતિ પામી,
તારું નામ રટું પલપલ સ્વામી. ૧.

અનંત કાળે ગુરુ આવી યા,
મારા મનના મનોરથ સકળ ફળ્યા;
ગુરુ શિવરમણીના છો કામી,
તારું નામ રટું પલપલ સ્વામી. ૨.

સીમંધર ગણધર સત્સંગી,
તારાં દર્શને પાપ જાવે નાસી;
અક્ષય ગુણગણ રત્નધામી,
તારું નામ રટું પલપલ સ્વામી. ૩.

એ ગુરુવરનો મહિમા મોટો,
જેનો જગમાં જડે ન કદી જોટો;
મહાભાગ્યે ગુરુદર્શન પામી,
તારું નામ રટું પલપલ સ્વામી. ૪.

મારા મન-ઘરમાં તમે આવી વસો,
પછી ખામી શાની ગુરુ મારે કહો;
લહે હર્ષ સેવક અંતરજામી,
તારું નામ રટું પલપલ સ્વામી. ૫.

*

## ૧૭. ભારતખંડમાં એક સંત ઊગિયો

ભારતખંડમાં સંત એક ઊગિયો,
ભાગ્યવાન આંગણે કહાન એ પાકિયો;
ચૈતન્ય જ્યોતિ અખંડ,
સંત એવા પૂજવા પધારજો. ૧.

જાગિયા એ સંત આજ, જગતને જગાડવા;
મુક્તિમંત્ર આપિયો, સ્વતંત્રતાને પામવા;
શક્તિ એની છે પ્રચંડ....સંત૦ ૨.

સીમંધરદેવના ચરણ-ઉપાસક,
પૂર્ણાનંદ સ્વરૂપ તણો ગ્રાહક;
જાગ્યો એ સંત એકાએક....સંત૦ ૩.

કુંદકુંદગુરુનો કેડાયત સંત એ,
સમયસાર શાસ્ત્રનો પચાવનાર સંત એ;
ખોલ્યાં રહસ્ય અણમૂલ....સંત૦ ૪.

અજ્ઞાન અંધારાં નશાડવા એ શૂરવીર,
જ્ઞાનપ્રકાશ પ્રકાશવા એ ભડવીર;
ભવ્યનો ઉદ્ધારનાર વીર....સંત૦ ૫.

નિજ સ્વરૂપની મસ્તીમાં મસ્ત એ,
આત્મ અખંડમાં થયા અલમસ્ત એ;
વાણીએ ઝરે અમીરસ....સંત૦ ૬.

ઉત્તમ ભાગ્યથી સંત એ સેવિયા,
સેવકનાં સર્વ કાર્ય સુધરિયાં,
વંદન હોજો અનંત....સંત૦ ૭.

*

## ૧૮. અમૂલ્ય જિન વાણી

હો ભવિયા પામી અમૂલ્ય જિનવાણી,
હો ભવિયા પામી અમૂલ્ય ૐવાણી,
હો ભવિયા પામી અમૂલ્ય ગુરુવાણી,
તું ઊતરજે અંતરમાંહી....હો૦ ૧.

ત્રિભુવનદીપક જિનની સેવા,
અખૂટ ગુણના મેવા લેવા;
સેવીએ આ સત્-ધર્મવાણી....હો૦ ૨.

દીપક જ્ઞાનનો ઘટમાં જગાવી,
દર્શનશુદ્ધિ નિર્મળ પામી;
સુણીએ એ દિવ્ય જિનવાણી....હો૦ ૩.

વિશ્વવિલોચન તારણહારી,
કલ્પવચણ છે ચમકત તારી;
અહો મનવાંછિત દેનારી....હો૦ ૪.

રહસ્ય ભરેલી એ પુનિત વાણી,
ગુણગણગંગ પ્રવાહ નિશાની;
અહો ઉજમબા-માત-સુતવાણી...હો૦ ૫.

અમૂલ્ય રહસ્ય પરમાગમનાં,
જ્ઞાન-કપાટ ખોલીને બતાવ્યાં;
ગુરુ કહાને અમૃત રેલાવિયા...હો૦ ૬.

ચૈતન્યદેવના હાર્દ તપાસનારી,
ગુણના સૂક્ષ્મ ભાવો જણાવનારી;
એ અદ્ભુત ગુરુ કહાન વાણી....હો૦ ૭.

ચોબાજુ સૂક્ષ્મ પટ ખોલનારી,
નિત નિત આનંદ મંગળકારી;
ગુરુકહાન-વાણી ભવતારી....હો૦ ૮.

*

## ૧૯. ગુરુને વંદું વાર હજાર

પ્યારા સદ્ગુરુદેવ, ગુરુને વંદું વાર હજાર;
ગુરુને વંદું વાર હજાર,

ચંદ્ર-સૂરજ સમ કાંતિ સોહે, ભવિજનનાં મનડાંને મોહે;
દર્શન આનંદકાર, ગુરુને વંદું વાર હજાર. (૨) પ્યારા૦ ૧.

ભવ્યજનોના ભવ હરનારા, ભરતભૂમિમાં સુખ કરનારા;
ભવજલ-તારણહાર, ગુરુને વંદું વાર હજાર. (૨) પ્યારા૦ ૨.

મંગલ મૂરતિની બલિહારી, હર્ષથી વંદે સહુ નરનારી;
વાણી આનંદકાર, ગુરુને વંદું વાર હજાર. (૨) પ્યારા૦ ૩.

શાસનનાયક તું જગદીવો, જગજનજીવન ચિરંજીવો;
આતમને હિતકાર, ગુરુને વંદું વાર હજાર. (૨) પ્યારા૦ ૪.
આપ ચરણની સેવા માગું, દીનબંધુ તુમ ચરણે લાગું;
ભક્ત કરો ઉદ્ધાર, ગુરુને વંદું વાર હજાર. (૨) પ્યારા૦ ૫.

*

## ૨૦. ગુરુને પ્રાતઃ પ્રણામ

ઉજમબાના નંદન ગુરુને પ્રાતઃ પ્રણામ....ગુરુને૦
દુષમકાળે દર્શન દીઠાં, લાગે અમીરસથી પણ મીઠાં;
અવર અનિઠ તમામ, ગુરુને પ્રાતઃ પ્રણામ. ૧.
તુજ વાણીની માયા લાગી, અંતર આતમની જ્યોત જાગી;
સમરું સદા તુજ નામ, ગુરુને પ્રાતઃ પ્રણામ. ૨.
કૃપા ભરેલાં નેત્ર તમારાં, દેખી હરખે હૈયાં હમારાં;
ફળિયો સુરતરુ આજ, ગુરુને પ્રાતઃ પ્રણામ. ૩.
ઝળહળ જ્યોતિ દીપે તમારી, ભવિજન તિમિરની હરનારી;
અભિનવ ભાનુ સ્વામ, ગુરુને પ્રાતઃ પ્રણામ. ૪.
સદ્‌ગુરુ અલબેલા સ્વામી, મંગલકારી જગહિતકામી;
જ્ઞાન-દર્શન-ગુણધામ, ગુરુને પ્રાતઃ પ્રણામ. ૫.
તુજ દર્શન-અમૃતરસ પીધું, ભવોભવનું અમ કારજ સીધ્યું;
અવરશું મુજ ન કામ, ગુરુને પ્રાતઃ પ્રણામ. ૬.

*

## ૨૧. ગુરુરાજ તેરે ચરણોંમેં

શ્રી ગુરુરાજ તેરે ચરણોમેં શિર નમાવું,
મૈં ભક્તિ ભેટ અપની બલિદાનમેં ચઢાઊં;

બ્રહ્માંડ માંહી ભાનુ તેરી આરતી ઉતારે,
શ્રી ગુરુદેવ તેરી મહિમા દિગન્ત ગાજે. ૧.

કુંદકુંદે કુંદન રોપ્યાં, અમૃતે અમૃત રેડ્યાં,
કહાન ગુરુએ ઘાટ ઘડિયા, અચિંત્ય કાજ સરિયાં;
કુંદકુંદ મુખારવિંદતેં પ્રગટી એ દિવ્ય વાણી,
ગુરુજી ઘટ વ્યાપી, પરમ પ્રકાશ પામી. ૨.

મંગળ તરુ ધરનારી, ભવજળ તારનારી,
બંધ-વિદારણહારી, મુક્તિની એ નિસરણી;
શ્રી સમયસારવાણી ત્રિજગહિતકારી,
મહિમા કરું શી તેરી, અલ્પ મતિ છે મેરી. ૩.

હે સદ્ગુરુદેવા, સુરરાજ સારે સેવા,
મોક્ષમાર્ગ એવા, સમયસાર આપ્યા મેવા;
હે જય જગતત્રાતા, હે જય જગતભ્રાતા,
હે સુખશાંતિ દાતા, સેવક દાન દાતા. ૪.

પ્રભુ જય મંગળકારી, છો મહા ઉપકારી,
પૂર્ણ સ્વરૂપનો હું પ્યાસી, આશ પૂરજો હે સ્વામી;
પરભાવના વિસામે, શરણે આવ્યો હું તારે,
વ્યવહારમાં વિભક્તે, સ્વભાવમાં એકત્વે. ૫.

તેરે હી કામ આવું, તેરા હી મંત્ર ગાઊં,
મન ઔર દેહ તેરે બલિદાનમેં ચઢાઊં;
સેવામેં તેરી સારી, તનકો મૈં ભૂલ જાઊં,
મૈં ભક્તિ ભેટ અપની બલિદાનમેં ચઢાઊં. ૬.

*

## ૨૨. વાગે છે જ્ઞાનવાજાં

વાગે છે જ્ઞાનવાજાં ગુરુરાજના મંદિરિયે;
ગુરુરાજના મંદિરિયે, સ્વાધ્યાયમંદિરિયે,
વાગે છે જ્ઞાનવાજાં, ગુરુદેવના મંદિરિયે. ૧.

જ્ઞાની ગુરુજી બિરાજ્યા, સ્વાધ્યાયમંદિર શોભાવ્યા;
ઉપદેશ રૂડા આપ્યા, ભવ્ય જીવને ઉદ્ધાર્યા.....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૨.

પ્રભુ સુવર્ણપુરી માંહી, અચિંત્ય જ્ઞાન ખીલવી;
સૂક્ષ્મ ન્યાયો પ્રકાશી, જ્ઞાનજ્યોતિને જગાવી....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૩.

મુખથી છૂટે છે ધ્વનિ, અમૃત સમી એ વાણી;
સુણતાં આનંદ થાયે, હૃદય વિકસિત થાયે....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૪.

દિવ્યધ્વનિનો નાદ છૂટ્યો, ચારે દિશાએ પ્રસર્યો;
મહિમા કરું શી તેરી? અલ્પ મતિ છે મેરી....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૫.

શ્રી તીર્થધામ માંહી, જયકાર નાદ ગાજે;
અનુભવ પ્રકાશી આજે, સત્ વસ્તુને બતાવે....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૬.

શુદ્ધ જ્ઞાન જ્ઞાતા માંહી, શ્રદ્ધા પ્રતીત કરાવે;
અકર્તાપણું છે તારું, એ વાતને મલાવે...
વાગે છે જ્ઞાનવાજાં૦ ૭.

પ્રભુ સુવર્ણપુરી માંહી જ્ઞાનસરિતા વહાવી;
ઝણકાર ગાજે ગગને, દેવેન્દ્રને સુણાવે....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૮.

ભગવાન કુંદકુંદનું શાસન વર્તે છે જયવંત;
તુજ કુળને દિપાવ્યું, ગુરુ કહાનદેવ વિજયવંત....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૯.

જગતશિરોમણિ છો, જગપૂજ્ય વંદનિક છો;
વીતરાગદેવ વીરના, ગુરુ આપ લઘુનંદન છો...
વાગે છે જ્ઞાનવાજાં૦ ૧૦.

ઈન્દ્રો અને નરેન્દ્રો, માંહો માંહે વાત કરતા;
આ ભરતક્ષેત્ર માંહી, એ વીર કોણ જાગ્યો.....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૧૧.

ચાલો સહુ મળીને, સુવર્ણપુરી જઈએ;
જ્ઞાયકસ્વરૂપ સુણીને, જીવન કૃતાર્થ કરીએ....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૧૨.

ભક્તિ કરવાને તારી, શરણે આવ્યો હું વારી;
દીન-હાથ ગ્રહો કૃપાળુ, મુજ રંકને ઉગારી....
વાગે છે જ્ઞાનવાજાં૦ ૧૩.

*

## ૨૩. સુખશાંતિપ્રદાતા

સુખશાંતિપ્રદાતા, જગના ત્રાતા, કહાનગુરુ મહારાજ;
જનભ્રાંતિવિધાતા, તત્ત્વોના જ્ઞાતા, નમન કરું છું આજ....૧.

જડતાનો આ ધરણી ઉપર, હતો પ્રબળ અધિકાર;
કર્યો ઉપકાર અપાર પ્રભુ! તેં, પ્રકાશ્યા શાસ્ત્ર ઉદાર રે...સુખ૦ ૨.

વરસાવી નિજ વચનસુધારસ, કર્યો સુશીતલ લોક;
સમયસારનું પાન કરીને, ગયો માનસિક શોક રે...સુખ૦ ૩.

ગુરુવાણીનું મનન કરીને, પામું અલૌકિક ભાન;
ક્ષણે ક્ષણે હું જ્ઞાયક સમરું, પામું કેવળજ્ઞાન રે...સુખ૦ ૪.

તારું હૃદય ગુરુ! જ્ઞાન-સમતાનું, રહ્યું નિરંતર ધામ;
ઉપકારોની વિમલ યાદીમાં, લાખો વાર પ્રણામ રે...સુખ૦ ૫.

*

## ૨૪. જિણંદ-ચંદ-વાણી

જિણંદ-ચંદ-વાણી, અનુપમ અમી સમી છે;
ગુણરત્ન કેરી ખાણી, બુધમાનસે રમી છે.

ગુરુ કહાન કેરી વાણી, અનુપમ અમી સમી છે;
ગુણરત્નની એ ખાણી, બુધમાનસે રમી છે.

મીઠાશ જેની જાણી, ગર્વો બધા ગળે છે;
જસ પાન કાને કરતાં, ભવવ્યાધિઓ ટળે છે...જિણંદ૦ ૧.

પશુઓ જે ચાવે તરણાં, સાકર શરણ ધરે છે;
શરમાઈ મીઠી દ્રાક્ષો, વનવાસને કરે છે...જિણંદ૦ ૨.

પીલુમાં પીલાઈ ઈક્ષુ, અભિમાનને તજે છે;
અભિનંદનીય તે છે, અભિવંદનીય જે છે...જિણંદ૦ ૩.

કૃપાળુ ગુરુચરણે, શરણે રહી ભણે છે;
જિનવાણી-નાવ સંગે ભવતીર દાસ લે છે;
ગુરુવાણી-નાવ સંગે ભવતીર દાસ લે છે...જિણંદ૦ ૪.

*

## ૨૫. કહાનગુરુ-સ્તુતિ

(રાગ : ધર્મધ્વજ ફરકે છે)

[ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અંતરમાંથી વહેલી ભાવભીની ભક્તિ]

કહાનગુરુ બિરાજો મનમંદિરિયે;
વસો વિદેહી ગુરુ અમ અંતરિયે;
કલ્પવૃક્ષ ફળ્યાં અમ આંગણિયે.

શી શી કરું તુજ પૂજના, શી શી કરું તુજ વંદના;
ગુરુજી પધાર્યા આંગણે, અમ હૃદય ઉલસિત થઈ રહ્યાં.

પંચમ કાળે પધાર્યા ગુરુ તારણહાર;
સ્વર્ણે બિરાજ્યા સત્ય પ્રકાશનહાર....કહાનગુરુ૦ ૧.

દિવ્ય તારું દ્રવ્ય છે ને દિવ્ય તારું જ્ઞાન છે;
દિવ્ય તારી વાણી છે ને અમ જીવન-આધાર છે.

ચૈતન્યદેવ પ્રકાશ્યા ગુરુ-અંતરમાં;
અમૃતધારા વરસી સારા ભારતમાં....કહાનગુરુ૦ ૨.

સૂર્ય-ચંદ્રો ગગનમાં ગુણગાન તુજ કરતા અહો!
મહિમાભર્યા ગુરુદેવ છો, શાસન તણા શણગાર છો.

નિત્યે શુદ્ધાત્મદેવ-આરાધનહાર;
જ્ઞાયકદેવના સાચા સ્થાપનહાર....કહાનગુરુ૦ ૩.

શ્રુત તણા અવતાર છો, ભારત તણા ભગવંત છો;
અધ્યાત્મમૂર્તિ દેવ છો, ને જગત-તારણહાર છો.

સૂક્ષ્મ તત્ત્વના ભાવો જાણનહાર;
મુક્તિપંથના સાચા પ્રકાશનહાર....કહાનગુરુ૦ ૪.

ભરી અર્ઘના થાળો વધાવું ભાવથી ગુરુરાજને;
ભગવંત ભાવિના પધાર્યા, સેવક તારણહાર છે.

કૃપાનાથને અંતરની અરદાસ,
ગુરુચરણોમાં નિત્યે હોજો નિવાસ...કહાનગુરુ૦ ૫.

*

## ૨૬. ગુરુદેવ-સ્તુતિ

(ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અંતરમાંથી વહેલી ભાવભીની ભક્તિ)

વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે,
સુવર્ણપુરીમાં નિત્યે ચૈતન્યરસ વરસ્યા રે;
ઉજમબાને દ્વાર અતિ આનંદ છવાયા રે.
આવો પધારો મારા સદ્‌ગુરુદેવા;
શી શી કરું તુજ ચરણોની સેવા.
વિધવિધ રત્નોના થાળ ભરાવું રે,
વિધવિધ ભક્તિથી ગુરુને વધાવું રે.....વિદેહ૦ ૧.

દિવ્ય અચરજકારી ગુરુ અહો! જાગ્યા;
પ્રભાવશાળી સંત અજોડ પધાર્યા.
વાણીની બંસરીથી બ્રહ્માંડ ડોલે રે,
ગુરુ–ગુણગીતો ગગનમાંહી ગાજે રે.....વિદેહ૦ ૨.

શ્રુતાવતારી અહો! ગુરુજી અમારા;
અગણિત જીવોનાં અંતર ઉજાળ્યાં.
સત્ય ધરમના આંબા રૂડા રોપ્યા રે,
સાતિશય ગુણધારી ગુરુ ગુણવંતા રે.....વિદેહ૦ ૩.

કામધેનુ કલ્પવૃક્ષ અહો! ફળિયાં;
ભાવિ તણા ભગવંત મુજ મળિયા.
અનુપમ ધર્મધોરી ગુરુ ભગવંતા રે,
નિશદિન હોજો તુજ ચરણોની સેવા રે.....વિદેહ૦ ૪.

નિશદિન ગુરુજીની વાટ અમે જોતા;
અમ અંતરિયામાં દર્શનની આશા.
સુવર્ણે પધારો પુનઃ કૃપાળુદેવા રે,
અનુભવવાણી ને દર્શન દેવા રે;
ભવભવ હોજો ગુરુચરણોની સેવા રે.....વિદેહ૦ ૫.

*

## ૨૭. ગુરુરાજ પધાર્યા અમ આંગણે રે લાલ

(રાગ : વિદેહી જિણંદજી સોહામણા રે લાલ)

ગુરુરાજ પધાર્યા અમ આંગણે રે લાલ,
ભક્તિ કરું હું તારી ભાવથી રે લાલ,
રત્ને વધાવું ગુરુદેવને લાલ.
(–મોતીડે વધાવું ગુરુદેવને રે લાલ.) ૧.

અમૃત ભર્યાં તુજ વાણીએ રે લાલ,
ચૈતન્યરસ વરસી રહ્યા રે લાલ...રત્ને૦ ૨.

ભરતે અજોડ ગુરુદેવ છે રે લાલ,
મહિમા તણા ભંડાર છે રે લાલ...રત્ને૦ ૩.

શ્રુત તણા અવતાર છે રે લાલ,
સરસ્વતી-માત મુખે સોહતા રે લાલ...રત્ને૦ ૪.

દિવ્યતા ભરેલું તુજ દ્રવ્ય છે રે લાલ,
ભાવી તણા ભગવંત છે રે લાલ...રત્ને૦ ૫.

તુજ વાણીમાં આશ્ચર્ય અપાર છે રે લાલ,
દૈવી ગુણોથી ગુરુ શોભતા રે લાલ...રત્ને૦ ૬.

ચંદ્ર-સૂરજ પાય પૂજતા રે લાલ,
સર્વ વસ્તુ ચરણે નમે રે લાલ.....રત્ને૦ ૭.

ગુણરત્નાકર પધારિયા રે લાલ,
કલ્પવૃક્ષ ચિંતામણિ રે લાલ...રત્નો૦ ૮.

ગુરુરાજ પધાર્યા અમ આંગણે રે લાલ,
વંદન સ્તવન શાં શાં કરું રે લાલ...રત્નો૦ ૯.

સેવકે શરણ ગ્રહ્યું ભાવથી રે લાલ,
આત્મકલ્યાણ અમ આપજો રે લાલ,
(શાશ્વતા સુખ આપજો રે લાલ,)
રત્ને વધાવું ગુરુદેવને રે લાલ. ૧૦.

*

## ૨૮. આવો પધારો મોંઘેરા ગુરુરાજજી રે

(રાગ : આવો આવો સીમંધર જિનરાજજી રે)

આવો પધારો મોંઘેરા ગુરુરાજજી રે, (૨)
વિધવિધ ભાવે વધાવું ગુરુદેવને. ૧.

ગુરુજી મારા ભારત-તારણહાર છે રે, (૨)
વિષમ કાળે ધર્મવૃદ્ધિકર સંત છે. ૨.

વિદેહક્ષેત્રે સીમંધરસભાના રાજવી રે, (૨)
સીમંધરનાથે કૃપામૃત વરસાવિયા. ૩.

મંગળમૂર્તિ ગુરુજી પધાર્યા આંગણે રે, (૨)
ભરતભૂમિમાં મંગળતા પ્રસરી રહી. ૪.

ગુરુજી મારા અનુપમ ગુણે શોભતા રે, (૨)
વદનકમળથી અમૃતરસ વરસી રહ્યા. ૫.

ગુરુવરસેવા કલ્પવૃક્ષ ચિંતામણિ રે, (૨)
સેવકને અહો વાંછિત ફળ દાતાર છે. ૬.

*

## ૨૯. આજ...મોતીડે મે વરસે જો

આજ સારી હિંદભૂમિમાં મોતીડે મે વરસે જો;
કહાનગુરુનો વિહાર થાતાં ભારત આખું ડોલે જો;
ગગને દેવદુંદુભિ વાગે, સુર વીણાના ગાજે જો...આજ૦ ૧.

સ્વર્ણપુરીના સંત પધારે ભારતતારણહાર જો;
કુમકુમ પગલે ગુરુજી પધારે, ગગને દેવ વધાવે જો...આજ૦ ૨.

તીર્થભૂમિમાં ગુરુજી પધારે, આનંદ મંગળ થાય જો;
મંગળમૂર્તિ ગુરુજી પધારે, ઘર ઘર મંગળમાળ જો...આજ૦ ૩.

દૈવી મહિમાધારી પધારે, અધ્યાતમ-અવતાર જો;
ચૈતન્ય કેરા પંથ બતાવે, આવે ભવના અંત જો...આજ૦
અનુપમ વાણી નિત્યે વરસે, આવે ભવના અંત જો...આજ૦ ૪.

તીરથયાત્રા ગુરુજી પધાર્યા, હિંદનો એ હીરો જો;
સેવક (ભવ્ય) તારણહાર પધાર્યા, કલ્યાણકારી સંત જો...આજ૦ ૫.

અપૂર્વ કાર્યો ગુરુ-જીવનમાં, શ્રુત તણો અવતાર જો;
ગગને દેવો ગુરુગુણ ગાતા, ઘંટનાદ ગજાવે જો.
(—જયજયનાદ ગજાવે જો.)...આજ૦ ૬.

ગંધર્વોની ધ્વનિ ગાજે, મીઠાં ગીત ઉચ્ચારે જો;
સેવકનાં આજ હૈયાં ઊછળે, ગુરુજી મહિમા ગાજે જો...આજે૦ ૭.

ગુરુવર મહિમા શી શી કરીએ, વાણીએ ન કથાય જો;
તીરથયાત્રા ગુરુજી પધારે, તીરથવંદન કાજ જો...આજ૦ ૮.

*

## ૩૦. શિખર સંમેદ સોહામણા

(રાગ : ધન્ય દિવસ ધન્ય આજનો...)

શિખર સંમેદ સોહામણા, મંગળ તીરથધામ;
નભસ્પર્શી ઉન્નત અતિ, સુખકર રમણીય ધામ...શિખર૦ ૧.

શિખર સંમેદ વન-વૃક્ષની, શોભા અતિ મનહાર;
નિત્ય અનાદિ અનંત જે, પાવન તીરથરાજ...શિખર૦ ૨.

આ યુગના જિન વીસ જે, અજિતાદિક જિનનાથ;
મુક્ત થયા ગિરિશિખરથી, ધન્ય ધન્ય આ ધામ....શિખર૦ ૩.

અનંત તીર્થંકર આ ભૂમિમાં, સિદ્ધ થયા ભગવાન;
થાશે અનંતા ભાવિમાં, શાશ્વત તીર્થ મહાન...શિખર૦ ૪.

જ્ઞાન પૂરણ, દર્શન પૂરણ, પૂરણ ચારિત્રાનંદ;
દિવ્ય અનંત ગુણ પરિણમ્યા, વિશ્વવંદ્ય ભગવંત....શિખર૦ ૫.

પાવન જિનચરણો થકી, પાવન છે તીર્થરાજ;
અણુ-અણુ પાવન શિખરના, વિચર્યા જ્યાં જિનરાજ...શિખર૦ ૬.

જિનવંદનના કારણે, આવે ચારણ ૠષિરાજ;
ધ્યાન ધરે ગિરિશિખરમાં, પામે શિવપુરરાજ...શિખર૦ ૭.

ગણધર શ્રુતધર મુનિવરા, ધ્યાવે આતમધ્યાન;
આતમલીન સિદ્ધિ વર્યા, પામી કેવળજ્ઞાન....શિખર૦ ૮.

પ્રત્યક્ષ જિનદર્શન કરે, વાણી સુણે અમીધાર;
નયણે નિરખે કલ્યાણકો, ધન્ય ધન્ય મહાભાગ....શિખર૦ ૯.

શાશ્વત તીરથરાજની, મહિમા મેરુ સમાન;
અંતાતીત તીર્થેશના, ગુણો કેમ ગવાય....શિખર૦ ૧૦.

ગણધર-મુનિ-સુરનર સંગમાં જિનચોવીસી અનંત;
પુનિત પ્રસંગો તીર્થ પર, સ્મરણો હૃદયે સ્ફુરંત...શિખર૦ ૧૧.

ધન્ય ભૂમિ, ધન્ય ધૂળ ને, ધન્ય અહો અમ ભાગ્ય;
ગુરુવર સાથે દર્શન થયાં, નિરખ્યાં પાવન ધામ...શિખર૦ ૧૨.

સાક્ષાત્ જિનદર્શન થયાં, શાશ્વત જિનનાં ધામ;
સાક્ષાત્ સિદ્ધને નિરખ્યા, એવો આનંદ અપાર....શિખર૦ ૧૩.

સંમેદશિખરની સેવા કરે, દેવગણનાં રે વૃંદ;
પાવન પાવન ધામ જે, શિખર મંગલકાર...શિખર૦ ૧૪.

ગુરુજી યાત્રા પધારિયા, ભારત-તારણહાર;
નગર નગર ગુરુ વિચર્યા, વાણી વર્ષે અમીધાર....શિખર૦ ૧૫.

સુવર્ણ-અવસર યાત્રા તણા, મળિયાં ગુરુજીના સાથ;
જ્ઞાયકદેવ સમજાવિયા, શરણે રાખો નાથ....શિખર૦
—ગુરુજી મંગલકાર...શિખર૦ ૧૬.

*

## ૩૧. અહીં જન્મ્યા ત્રિભુવનનાથ

(રાગ : આવો આવો સીમંધરનાથ)

આવો આવોને સુરનરવૃંદ પુલકિત હૃદયે રે,
અહીં જન્મ્યા ત્રિભુવનનાથ અયોધ્યા નગરે રે. આવો૦ ૧.

આ નગરી અયોધ્યા ધામ અતિ અતિ સોહે રે,
એની શોભા વરણી ન જાય, મનડું મોહે રે. આવો૦ ૨.

ત્રૈકાલિક ત્રિભુવનનાથ અયોધ્યા જન્મે રે,
શાશ્વત એ તીરથધામ, સ્તવું શું વયણે રે. આવો૦ ૩.

જન્મોત્સવ જિનના થાય મંગલ નગરે રે,
આ પાવન તીરથધામ, અંતર ઊછળે રે. આવો૦ ૪.

સૌ તીર્થંકર જગનાથ 'અવધે' જન્મે રે,
સહુ જીવને શાતા થાય ઘડીભર ભુવને રે. આવો૦ ૫.

મતિ-શ્રુત-અવધિ ધરનાર, અયોધ્યા પધારે રે,
સ્વર્ગે ઈન્દ્રો ગુણ ગાય, મહિમા ગાજે રે. આવો૦ ૬.

પ્રભુ બાળલીલા અદ્‌ભુત, મન હરનારી રે,
એ દશ્યો આશ્ચર્યકાર, કલ્યાણકારી રે. આવો૦ ૭.

જગદીશ્વર ત્રિભુવનનાથ ભરતે જન્મે રે,
પ્રભુ મહિમા અપરંપાર કેમ કરી કહીએ રે. આવો૦ ૮.

ત્રણ કલ્યાણક ઉજવાય પાવન નગરે રે,
સુરનરવૃંદો ઉભરાય, વિસ્મય પામે રે. આવો૦ ૯.

રત્નત્રયના ધરનાર વાંછિતદાતા રે,
આ યુગના પંચ જિનેશ 'અવધે' જન્મ્યા રે. આવો૦ ૧૦.

નભથી દેવોનાં વૃંદ અવધે ઊતરે રે,
જન્મોત્સવ ફરી ફરી થાય, મંગળ નગરે રે. આવો૦ ૧૧.

શ્રી નાભિરાયના નંદ 'અવધે' રાજે રે,
પાસે બાહુબલિનાથ ભરત બિરાજે રે. આવો૦ ૧૨.

જિન-જન્મ થકી સુપવિત્ર 'અવધ' સુનગરી રે,
જિવનરપદ-સ્પર્શિત ધન્ય મંગલકારી રે. આવો૦ ૧૩.

ધન્ય ભાગ્ય અમારાં આજ, ગુરુવર સાથે રે,
આ પાવન યાત્રા થાય, ગુરુજી પ્રતાપે રે. આવો૦ ૧૪.

*

## ૩૨. આજ દેખ્યા શાશ્વત તીર્થરાજને રે

(રાગ : આજ દિવ્યધ્વનિ છૂટી વીરમુખથી રે)

આજ દેખ્યા શાશ્વત તીર્થરાજને રે,
દેખી દેખી હૈડું હરખાય,...આજ૦ ૧.

અહો! દર્શન થયાં જિનધામનાં રે,
અનાદિ-અનંત આ ધામ,...આજ૦ ૨.

તીર્થેશો સાક્ષાત આ ભૂમિમાં રે,
અહો! વિચર્યા અનંતાનંત,...આજ૦ ૩.

પ્રભુ પરમેશ્વર પરમાતમા રે,
અહો! ત્રણ ભુવનના નાથ,...આજ૦ ૪.

પ્રભુ જ્ઞાનમંદિરે બિરાજતા રે,
ગુણ અનંતમાં રમનાર,...આજ૦ ૫.

મુનિરાજો અનંત નિજ ધ્યાનમાં રે,
પામ્યા અનંત પૂર્ણાનંદ,...આજ૦ ૬.

રજકણ રજકણ આ ભૂમિના રે,
પુનિત ચરણો થકી પવિત્ર,...આજ૦ ૭.

નંત ચોવીસીનાં સિદ્ધિધામ છે રે,
એની મહિમા તણો નહિ પાર,...આજ૦ ૮.

તીર્થેશો સાક્ષાત્ અહીં આવિયા રે,
સુર-નર-મુનિ તણો નહિ પાર,...આજ૦ ૯.

એવાં દૃશ્યો પાવન આ ભૂમિમાં રે,
એનાં સ્મરણો અંતર ઉભરાય,...આજ૦ ૧૦.

જિનભૂમિ જિનેશ્વર ભેટિયા રે,
આજ નજરે નિહાળ્યાં જિનધામ,...આજ૦ ૧૧.

આજ ઘંટાવાજિંત્રો વાગતાં રે,
નભ માંહી દુંદુભિનાદ,...આજ૦ ૧૨.

ધન્ય ભૂમિ અને ધન્ય ધૂળ છે રે,
ધન્ય પાવન જિનેશ્વરધામ,...આજ૦ ૧૩.

જગતારક ગુરુજી જાગિયા રે,
માત 'ઉજમ'બા કેરા નંદ,...આજ૦ ૧૪.

ભારતનાં ભાગ્ય અહો જાગિયાં રે,
ગુરુરાજ પધાર્યા તીર્થધામ,...આજ૦ ૧૫.

અહો! યાત્રા ગુરુજી સાથમાં રે,
અંતરમાં આનંદ ઉભરાય,...આજ૦
તે વાણીથી કેમ કથાય,...આજ૦ ૧૬.

ધન્ય ભાગ્ય સેવકનાં જાગિયાં રે,
મળ્યો સદ્‌ગુરુદેવ સંઘાત,...આજ૦ ૧૭.

ગુરુદેવનો સાથ નિત્યે હજો રે,
નિત્ય હોજો ચરણની સેવ,...આજ૦ ૧૮.

*

## 33. વાસુપૂજ્ય જિનનાથને ભાવે પૂજું

(રાગ—પાર્શ્વજિણંદને ભાવથી નિત્ય વંદું)

વાસુપૂજ્ય જિનનાથને ભાવે પૂજું,
હાં રે ભાવે પૂજું રે ભાવે પૂજું,
હાં રે પ્રભુ તીર્થપતિના ગુણ ગાઉં,
હાં રે થયાં દર્શન આજ, વાસુપૂજ્ય૦
હાં રે જિનવર-મહિમા અપાર,...વાસુપૂજ્ય૦ ૧.

ચંપાપુરી નગરી બહુ બહુ શોભે,
હાં રે તિહાં વાસુપૂજ્યજી બિરાજે,
હાં રે પંચકલ્યાણક મહોત્સવ ઉજવાયે,
હાં રે સુર-નર-મુનિવરનાં વૃન્દ ઉભરાયે,
હાં રે ધન્ય માત ને તાત,...વાસુપૂજ્ય૦ ૨.

બાળબ્રહ્મચારી વાસુપૂજ્યસ્વામી,
હાં રે પ્રભુ તીર્થપતિપદધારી,
હાં રે મુનિનાથના અંતરયામી,
હાં રે ત્રણ-ભુવન-શણગાર,...વાસુપૂજ્ય૦
હાં રે અમ આતમ-આધાર,...વાસુપૂજ્ય૦ ૩.

ચંપાપુરી નગરી અતિ પાવનકારી,
હાં રે પ્રભુનાં પંચકલ્યાણક ભારી,
હાં રે ગર્ભ-જન્મ-દીક્ષા મંગળકારી,
હાં રે એ તો પાવન દૃશ્ય,...વાસુપૂજ્ય૦ ૪.

કેવળકલ્યાણકે દેવેન્દ્રો અહીં ઊતરે,
હાં રે પ્રભુનાં સમવસરણ રચાયે,
હાં રે પ્રભુના દિવ્યધ્વનિનાદ ગાજે,
હાં રે સૌને આનંદ ઉભરાય,...વાસુપૂજ્ય૦ ૫.

શૈલેશીકરણે પ્રભુજી અહો વળિયા,
હાં રે સમશ્રેણીએ પ્રભુજી ચડિયા,
હાં રે પ્રભુજી સિદ્ધિધામને વરિયા,
હાં રે (આજે) દેખ્યાં તીરથધામ,....વાસુપૂજ્ય૦ ૬.

જિનવરમહિમા ત્રિજગમાંહી ગાજે,
હાં રે પ્રભુ ગુણરત્નાકર બિરાજે,

હાં રે પંચકલ્યાણકો અહીં ઉજવાયે,
હાં રે ધન્ય તીરથધામ,...વાસુપૂજ્ય૦
હાં રે ધન્ય પાવન ધામ,....વાસુપૂજ્ય૦ ૭.

પંચમ કાળે ગુરુજી અહો જાગ્યા,
હાં રે જ્ઞાયકદેવનાં સ્વરૂપ પ્રકાશ્યાં,
હાં રે ગુરુજી સાથે તીરથ નીહાળ્યાં,
હોં રે નિત્યે હોજો સંઘાત,....વાસુપૂજ્ય૦
હાં રે યાત્રા મંગળકાર,....વાસુપૂજ્ય૦
હાં રે ગુરુવર-મહિમા મહાન,....વાસુપૂજ્ય૦ ૮.

*

## ૩૪. આજે દૈવી વાજાં વાગિયાં રે

(રાગ—મેં તો કોડે પગરણ આદર્યાં રે)

ભરતભૂમિમાં સોના સૂરજ ઊગિયો રે,
તીરથયાત્રા પધારે ગુરુદેવ;
આજે દૈવી વાજાં વાગિયાં રે.
સમ્મેદાચલ પધારે ગુરુદેવ,
આજે મંગલ વાજાં વાગિયાં રે. ૧.

સમ્મેદાચલ ઉત્તમ તીરથ રાજ છે રે,
અનંતાનંત તીર્થંકરનાં ધામ,
(અનંતાનંત જિનેશ્વરનાં ધામ)....આજે દૈવી૦ ૨.

દક્ષિણ દેશમાં મુનીશ્વરનાં ધામ છે રે,
અપૂર્વ દર્શન બાહુબલિદેવનાં થાય,...આજે મંગલ૦ ૩.

હિન્દુસ્તાનમાં મંગલ યાત્રા થાય છે રે,
મોંઘેરા મારે સદ્ગુરુદેવના વિહાર,...આજે દૈવી૦ ૪.

હિન્દુસ્તાનમાં પાવન પગલાં ગુરુદેવનાં રે,
હિન્દ જીવોનાં જાગ્યાં સુલટાં ભાગ્ય,....આજે મંગલ૦ ૫.

ભરતભૂમિમાં આનંદ મંગલ થાય છે રે,
આવ્યા આવ્યા ભારત-તારણહાર,...આજે દૈવી૦ ૬.

અનુપમ મૂર્તિ ગુરુજી મારા શોભતા રે,
અનુપમ કાર્યો થાયે જીવન માંહી,...આજે મંગલ૦ ૭.

ભારત (ભૂમિમાં) આંગણે તોરણો બંધાય છે રે,
ભવ્ય જીવોનાં વૃંદો ઊછળી જાય,...આજે દૈવી૦ ૮.

શાશ્વત તીર્થ દર્શને ગુરુજી સંચરે રે,
હૈડા માંહી જિનેશ્વરનો વાસ,...આજે મંગલ૦ ૯.

સંતજનોનાં સાંનિધ્ય બહુ દોહ્યલાં રે,
(મંગલ ગુરુવર-સાથ બહુ બહુ દોહ્યલો રે,)
મહા ભાગ્યે મળિયો ગુરુજીનો સાથ....આજે દૈવી૦ ૧૦.

તીરથયાત્રા ગુરુજી સંગે થશે રે,
સેવકના જન્મ સફળ થાય,...આજે મંગલ૦ ૧૧.

કુમકુમપગલે ગુરુજી પધારતા રે,
આકાશે બહુ દેવદુંદુભિનાદ,...આજે દૈવી૦ ૧૨.

ભારતરત્ન ગુરુજી મારા જાગિયા રે,
પંચમ કાળે અધ્યાત્મ-અવતાર,...આજે મંગલ૦ ૧૩.

ચૈતન્યદેવના સત્યપંથ પ્રકાશતા રે,
ગુરુવાણીમાં આશ્ચર્ય અપાર,...આજે દૈવી૦ ૧૪.

વીતરાગદેવનો મારગ ગુરુજી સ્થાપતા રે,
જિનશાસનમાં વર્તો જયજયકાર,...આજે મંગલ૦
ગુરુદેવનો વર્તો જયજયકાર,...આજે મંગલ૦ ૧૫.

મંગલકારી સ્વસ્તિક રચાવું આંગણે રે,
હીરલેથી વધાવું ગુરુદેવ,...આજે દૈવી૦ ૧૬.

દેશોદેશમાં થાશે ગુરુજી વધામણાં રે,
ભક્તિભાવે સ્વાગત રૂડાં થાય,...આજે મંગલ૦ ૧૭.

તીર્થંકરનાં (જિનેશ્વરનાં) પાવન તીરથધામ છે રે,
મુનીશ્વરોનાં પાવન તીરથધામ છે રે,
ગુરુજી પધારે તીરથવંદન-કાજ,...આજે દૈવી૦ ૧૮.

મંગળ યાત્રા શાશ્વત તીરથરાજની રે,
શાશ્વત હોજો ગુરુદેવનો સાથ,...આજે મંગલ૦ ૧૯.

*

## ૩૫. સંમેદશિખર....પ્રભુજીને લાખો પ્રણામ

સંમેદ સિદ્ધિધામ, પ્રભુજીને લાખો પ્રણામ;
અનંત જિનેશ્વરનાથ, પ્રભુજીને લાખો પ્રણામ;
—પ્રભુજીને ક્રોડો પ્રણામ.
ચોવીસો ભગવાન, પ્રભુજીને ક્રોડો પ્રણામ;
શાશ્વત તીરથધામ, તીરથને લાખો પ્રણામ;
—તીરથને ક્રોડો પ્રણામ. ૧.

અનંત જિનેશ્વર મુક્તિ પધાર્યા,
સમશ્રેણીએ સિદ્ધ બિરાજ્યા;
પ્રગટ્યાં પૂર્ણ નિધાન.....પ્રભુજીને૦ ૨.

અનંત ગુણોના સાગર ઊછળ્યા,
અપૂર્વ સિદ્ધપરિણતિએ પ્રણમ્યા;
તનવિરહિત ભગવાન.....પ્રભુજીને૦
—જ્ઞાનશરીર ભગવાન....પ્રભુજીને૦ ૩.

ચૈતન્યમંદિરે નિત્ય વિચરતા,
અનુપમ આનંદે જિન રમતા;
ગુણોનાં નિધાન.....પ્રભુજીને૦ ૪.

ત્રિભુવન-તારણહાર પધાર્યા,
સુરનરમુનિના નાથ બિરાજ્યા;
દિવ્યામૃત આ વિશ્વે વરસ્યાં;
ભારતના ભગવાન.....પ્રભુજીને૦ ૫.

વિચર્યા નંત તીર્થંકરદેવા,
કણ કણ પાવન થયા શિખરના;
મંગળકારી મહાન.....પ્રભુજીને૦ ૬.

ચારણઋદ્ધિધારી પધાર્યા,
ગણધરમુનિનાં વૃંદ પધાર્યા;
ધ્યાન કર્યાં આ ધામ.....પ્રભુજીને૦ ૭.

અનંત સંતે સ્વરૂપ સાધ્યા,
ક્ષપકશ્રેણીએ અનંત ચડિયા;
પ્રગટ્યાં કેવળજ્ઞાન.....પ્રભુજીને૦
—પામ્યા સિદ્ધિ મહાન...પ્રભુજીને૦ ૮.

ઇન્દ્ર-નૃપતિવર-વૃંદો ઊતરે,
પ્રભુજી-ચરણે શીશ ઝુકાવે;
શ્રી ગિરિરાજ મહાન.....પ્રભુજીને૦ ૯.

વનવૃક્ષોની ઘટાથી સોહે,
મનહર ચૈતન્યધામ બતાવે;
સર્વ ગિરિ શિરતાજ.....પ્રભુજીને૦ ૧૦.

અનંત તીર્થંકર સ્મરણે આવે,
અનંત મુનિનાં ધ્યાનો સ્ફુરે;
પાવન સંમેદધામ.....પ્રભુજીને૦ ૧૧.

ભરતભૂમિમાં અનંત ચોવીસી,
શિખરજીથી પામ્યા સિદ્ધિ;
મહિમાવંત મહાન.....પ્રભુજીને૦ ૧૨.
—વંદન સિદ્ધભગવાન.....પ્રભુજીને૦ ૧૨.

દેવ-દેવેન્દ્રો તુજને પૂજે,
આનંદ-મંગળ નિત્યે વર્તે;
ઉન્નત શિખરધામ.....પ્રભુજીને૦ ૧૩.

અપૂર્વ યાત્રા ગુરુજી સાથે,
અંતરમાં કોઈ આનંદ ઊલસે;
વંદન હો ગુરુરાજ.....પ્રભુજીને૦ ૧૪.

આવાં ધામ પવિત્ર નિહાળ્યે,
અંતરમાં આનંદ બહુ ઊછળે;
વંદન વારંવાર, તીરથને લાખો પ્રણામ;
વંદન હો અનંત, તીરથને ક્રોડો પ્રણામ. ૧૫.

*

## ૩૬. આજે ગુરુજી મારા સ્વર્ણે પધાર્યા રે

(રાગ : વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે)

આજે સોનેરી મંગળ દિન ઊગ્યો રે,
આવો રે સૌ ભક્તો ગુરુગુણ ગાઓ રે,
આજે ગુરુજી મારા સ્વર્ણે પધાર્યા રે,
સુવર્ણપુરીમાં આજે આનંદ છવાયા રે...આજે૦ ૧.

યાત્રા કરીને આજે ગુરુજી પધાર્યા;
સ્વર્ણપુરીના સંત સ્વર્ણે બિરાજ્યા (પધાર્યા).

સ્વર્ણપુરીમાં આજે ફૂલડાં પથરાવો રે,
(અંતરમાં આનંદના દીવડા પ્રગટાવો રે,)
ઘર-ઘરમાં આજે દીવડા પ્રગટાવો રે...આજે૦ ૨.

આવો પધારો ગુરુજી અમ આંગણિયે;
આવો બિરાજો ગુરુજી અમ મંદિરિયે.

માણેક-મોતીના સાથિયા પુરાવું રે,
વિધવિધ રત્નોથી ગુરુને વધાવું રે...આજે૦ ૩.

ભારતભૂમિમાં ગુરુજી પધાર્યા;
નગરનગરમાં ગુરુજી પધાર્યા.

તારણહારી વાણીથી હિંદ આખું ડોલે રે,
ગુરુજીનો મહિમા ભારતમાં ગાજે રે.
(ભવ્ય જીવોનો આતમ જાગે રે.)...આજે૦ ૪.

સમ્મેદશિખરની યાત્રા કરીને;
શાશ્વત ધામની વંદના કરીને;

ભારતમાં ધર્મધ્વજ લહરાવ્યા રે,
પગલે પગલે તુજ આનંદ વરસ્યા રે...આજે૦ ૫.

સીમંધરસભાના રાજપુત્ર વિદેહે;
સતધર્મ-પ્રવર્તક સંત ભરતે.

પરમ-પ્રતાપવંતા ગુરુજી પધાર્યા રે,
(ભવભવના પ્રતાપશાળી ગુરુજી પધાર્યા રે,)
ચૈતન્યધર્મના આંબા અહો! રોપ્યા રે,
નગર-નગરમાં ફાલ રૂડા ફાલ્યા રે...આજે૦ ૬.

નગરે નગરે જિન-મંદિર સ્થપાયાં;
ગુરુજી-પ્રતાપે કલ્યાણક ઉજવાયાં.

અનુપમ વાણીનાં અમૃત વરસ્યાં રે,
ભવ્ય જીવોનાં અંતર ઉજાળ્યાં રે.
(સત્ય ધરમના પંથ પ્રકાશ્યા રે.)...આજે૦ ૭.

નભમંડળમાંથી પુષ્પોની વર્ષા;
આકાશે ગંધર્વો ગુરુગુણ ગાતા.

અનુપમ (અગણિત) ગુણવંતા ગુરુજી અમારા રે,
સાતિશય શ્રુતધારી, તારણહારા રે,
ચૈતન્ય-ચિંતામણિ ચિંતિત-દાતારા રે...આજે૦ ૮.

સૂરો મધુરા ગુરુવાણીના ગાજે;
સુવર્ણપુરે નિત્ય ચિદ્-રસ વરસે.

જ્ઞાયકદેવનો પંથ પ્રકાશે રે,
શાસ્ત્રોનાં ઊંડાં રહસ્યો ઉકેલે રે...આજે૦ ૯.

મંગલમૂરતિ ગુરુજી પધાર્યા;
અમ આંગણિયે ગુરુજી બિરાજ્યા.

મહાભાગ્યે મળિયા ભવહરનારા રે,
અહોભાગ્યે મળિયા આનંદદાતારા રે,
પંચમ કાળે પધાર્યા ગુરુદેવા રે,
નિત્યે હોજો ગુરુચરણોની સેવા રે...આજે૦ ૧૦.

*

## ૩૭. ગુરુજીની જોડ જગે નહિ જડે

સોનેરી સૂર્ય સ્વર્ણપુરીમાં રે લાલ,
પધાર્યા કહાનગુરુદેવ જો,
ગુરુજીની જોડ જગે નહિ જડે રે લાલ. ૧.

ગુણો ગહન ગુરુદેવના રે લાલ,
અદ્વિતીય અવતાર જો. ગુરુજીની૦ ૨.

દિવ્ય મહિમા ગુરુદેવની રે લાલ,
દિવ્યતા-ભરેલી ગુરુવાણ જો. ગુરુજીની૦ ૩.

દર્શનથી આત્મરુચિ જાગતી રે લાલ,
વાણીથી આતમ પલટાય જો. ગુરુજીની૦ ૪.

ગુરુજીની મહિમા હું શું કથું રે લાલ,
અપૂર્વ શ્રુત-અવતાર જો. ગુરુજીની૦ ૫.

ભારતખંડમાં વિચર્યા રે લાલ,
યાત્રા કરી અદ્‌ભુત જો. ગુરુજીની૦ ૬.

પાવન યાત્રાએ ગુરુ સંચર્યા રે લાલ,
પાવન થયો હિન્દ દેશ જો. ગુરુજીની૦ ૭.

પુર પુર ગુરુજી પધારિયા રે લાલ,
વાણીમાં ચિતચમત્કાર જો. ગુરુજીની૦
વાણી ચૈતન્યરસધાર જો. ગુરુજીની૦ ૮.

ભવ્યવૃન્દ ગુરુને વધાવતા રે લાલ,
પગલે પગલે પુષ્પમેઘ જો. ગુરુજીની૦ ૯.

સસંઘ ગુરુજી સંચર્યા રે લાલ,
દાસને દેખાડ્યા તીર્થધામ જો. ગુરુજીની૦ ૧૦.

શાશ્વતધામનાં દર્શન કર્યાં રે લાલ,
સમ્મેદશિખરનાં દર્શન કર્યાં રે લાલ,
ભાવે પધાર્યા તીર્થધામ જો. ગુરુજીની૦ ૧૧.

સિદ્ધપ્રભુનાં દર્શન કર્યાં રે લાલ,
પામવાને સિદ્ધસ્વરૂપ જો. ગુરુજીની૦ ૧૨.

તીર્થંકરદેવનાં દર્શન કર્યાં રે લાલ,
ત્રણ ભુવનના નાથ જો. ગુરુજીની૦
—સાક્ષાત્ ભેટ્યા ભગવાન જો. ગુરુજીની૦ ૧૩.

રાજગૃહી સમોસરણ સોહતા રે લાલ,
વીરધ્વનિના છૂટ્યા નાદ જો. ગુરુજીની૦ ૧૪.

પાવાપુરી રળિયામણી રે લાલ,
વીર પ્રભુના સિદ્ધિધામ જો. ગુરુજીની૦ ૧૫.

બહુ બહુ તીરથ દર્શન કર્યાં રે લાલ,
નગરે નગરે વધાઈ જો. ગુરુજીની૦ ૧૬.

જ્ઞાયકદેવ સમજાવિયા રે લાલ,
ખોલ્યા અપૂર્વ શિવપંથ જો. ગુરુજીની૦ ૧૭.

આંબા રોપ્યા સત્ધર્મના રે લાલ,
ફાલ્યા ભરતમાં ફાલ જો. ગુરુજીની૦ ૧૮.

જય વિજય ગુરુદેવનો રે લાલ,
જીવોનાં જૂથ ઉભરાય જો. ગુરુજીની૦ ૧૯.

યાત્રા અપૂર્વ ગુરુ સાથમાં રે લાલ,
મંગલ પ્રતિષ્ઠા અનેક જો. ગુરુજીની૦ ૨૦.

આદર્શ કાર્ય ગુરુદેવનાં રે લાલ,
પરમ પ્રતાપી ગુરુદેવ જો. ગુરુજીની૦ ૨૧.

ગુરુજી પધાર્યા આજ સ્વર્ણમાં રે લાલ,
પાવન કર્યું સ્વર્ણધામ જો. ગુરુજીની૦ ૨૨.

વિધવિધ સ્વાગત ગુરુદેવનાં રે લાલ,
રત્ને વધાવું ગુરુરાજ જો. ગુરુજીની૦
(હૈડે આનંદ ઉભરાય જો. ગુરુજીની૦) ૨૩.

મીઠાં સ્મરણો યાત્રા તણાં રે લાલ,
મીઠા જીવનના પ્રસંગ જો. ગુરુજીની૦ ૨૪.

નિત્યે ગુરુની ચરણસેવના રે લાલ,
નિત્ય હોજો ગુરુજીનો સાથ જો. ગુરુજીની૦ ૨૫.

ધન્ય મંગળ દિન ઊગિયો રે લાલ,
સ્વર્ણે પધાર્યા ગુરુદેવ જો. ગુરુજીની૦ ૨૬.

*

## ૩૮. બાહુબલી-ભક્તિ

(રાગ—આવો! આવો! સીમંધર જિનરાજજી રે)

દેખ્યા દેખ્યા બાહુબલી મુનિરાજને રે, બાહુ૦
દેખ્યા દેખ્યા ઋષભનંદન મુનિરાજને રે, ઋષભ૦
મુનિવર મહિમાથી વાંછિત કારજ પામીએ.

મનહર મુદ્રા સોહે બાહુબલીદેવની રે, સોહે૦
તુજ દર્શનથી અંતર અમ ઊછલી રહ્યાં,

બાર બાર માસની તપશ્ચર્યા આદરી રે, તપ૦
આવી ઊભા વન-જંગલ ઘનઘોરમાં.

નિશ્ચલ ઊભા મુનિવર આતમધ્યાનમાં રે, મુનિ૦
વેલડિયું વીંટાણી આખા દેહમાં.

ભરતચક્રી ત્યાં મુનિવરદર્શન સંચર્યા રે, મુનિ૦
ભક્તિભાવથી બાહુબલી-પદ પૂજિયા,

બાહુબલીજી શ્રેણી—આરોહણ આદર્યા રે, શ્રેણી૦
કેવળલક્ષ્મી ક્ષણમાં મુનિવર પામિયા.

પૂર્ણચતુષ્ટય બાહુબલીજિન શોભતા રે, બાહુ૦
અનંત ગુણ—આનંદ મુનિવર પામિયા.

અનંત જ્ઞાને બાહુબલીજિન સોહતા રે, બાહુ૦
અનુપમ શાશ્વત પૂર્ણાનંદને પામિયા.

દૈવી મુદ્રા બાહુબલીની દીપતી રે, બાહુ૦
ચૈતન્યદેવની દિવ્યતા દર્શાવતી.

મુનિવરમુદ્રા જિનમુદ્રા સમ જાણીએ રે, જિન૦
અપૂર્વ શાંતિ ઉપશમરસ વરસી રહ્યા.

મુનિવરસેવા મહાભાગ્યેથી પામીએ રે, મહા૦
ભવ્યોને અહો! ભવથી પાર ઉતારતી.

મુનિવરસેવા કલ્પવૃક્ષ—ચિંતામણિ રે, કલ્પ૦
સેવકને અહો! મનવાંછિત ફલ આપતી.

મહાભાગ્ય અમ—ગુરુજી યાત્રા પધારિયા રે, ગુરુજી૦
ગુરુજી સાથે મુનિવરદર્શન પામિયા.

ગુરુજી—પ્રતાપે આનંદરસ વરસી રહ્યા રે,
દેવ—ગુરુજી નિત્ય રહો મનમંદિરે....દેખ્યા. દેખ્યા૦

*

## ૩૯. આજે ગુરુજી મારા પોન્નૂર પધાર્યા રે

(રાગ : સ્વર્ણપુરે ભાવી ભગવંત પધાર્યા રે)

આજે ગુરુજી મારા પોન્નૂર પધાર્યા રે,
ગુરુ-ઉર વસિયા પોન્નૂર-ઋષિરાયા રે.
કુંદકુંદદેવા! તારી શી શી કરું સેવા,
મહાભાગ્યે મળિયા મુનિવરદેવા;
ધન્ય ધન્ય મહામુનિ મંગળકારા રે,
પંચમ કાળે આદર્શ મુનિરાયા રે.....આજે૦ ૧.

શાસનશિરોમણિ કુંદકુંદસ્વામી,
રત્નત્રયધારી ચૈતન્ય-આરાધી;
જિનશાસનસ્તંભ! તારી બલિહારી રે,
અનુપમ જ્ઞાનધારી આત્મવિહારી રે.....આજે૦ ૨.

પોન્નૂર પર તુજ પદચિહ્ન સોહે,
દર્શન કરી યાત્રી પાવન થાયે;
અધ્યાતમ-અધિપતિ કુંદકુંદદેવા રે,
અધ્યાત્મ-ધોધ તેં વિશ્વે વહાવ્યા રે.....આજે૦ ૩.

પોન્નૂરગિરિ! પૂછું, ઉત્તર તું દેજે,
અમ સંવેદન હૈયે તું ધરજે;
કુંદપ્રભુની મીઠી વાર્તા સુણાવો રે,
કુંદપ્રભુના મીઠા સંદેશા આપો રે.....આજે૦ ૪.

કેવા હતા મારા કુંદકુંદસ્વામી?
વસતા'તા ક્યાં અહો આતમ-આરામી?
કોણ ભૂમિમાં વન-શિખરે બિરાજ્યા રે,
કોણ ભૂમિમાં ઊંડા આત્મધ્યાન સાધ્યાં રે.....આજે૦ ૫.

ગિરિરાજ કહે : કુંદસ્વામી પધાર્યા,
પરમ વૈરાગી મુનિ અહીં બહુ વિચર્યા;
અમારે વન-પર્વત માંહી બિરાજ્યા રે,
અમ ભૂમિમાં ઊંડાં આત્મધ્યાન સાધ્યાં રે.....આજે૦ ૬.

કુંદપ્રભુએ ઊંડાં આત્મધ્યાન સાધ્યાં,
નિશદિન આતમદેવ આરાધ્યા;
સાતિશય શ્રુતધારી, જિનમુદ્રાધારી રે,
સ્વાનુભૂતિમાં ઝૂલે મુનિ વીતરાગી રે.....આજે૦ ૭.

કુંદદેવને લાગી પ્રભુદર્શનની લગની,
અંતર માંહી સીમંધર-રઢ જાગી;
(અંતર માંહી જપે જિનવરસ્વામી;)
કેમ દેખું સાક્ષાત સીમંધરદેવા રે,
વિદેહક્ષેત્રે બિરાજે જિનવરરાયા રે.....આજે૦ ૮.

મુનિધ્યાન ફળિયાં ને પ્રભુજી ઉચ્ચરિયા,
વિદેહીનાથનાં કૃપામૃત વરસ્યાં;
સીમંધરનાથે આશીર્વાદ આપ્યા રે,
સમોસર્ણે સભાજનો આશ્ચર્ય પામ્યા રે.....આજે૦ ૯.

જંબૂ-ભરતમાંથી ઊપડ્યા વિદેહે,
પંચમ કાળે પહોંચ્યા પ્રભુજીની પાસે;
સાક્ષાત્ પ્રભુજીનાં દર્શન લાધ્યાં રે,
ઊંચી ઊંચી ભાવનાનાં ફળ રૂડાં પામ્યા રે.....આજે૦ ૧૦.

ભારતના મુનીશ્વર વિદેહયાત્રા પામ્યા,
સીમંધરનાથને નજરે નિહાળ્યા;
ઋદ્ધિધારી આશ્ચર્યકારી આત્મવિકાસી રે,
કહાનગુરુએ કુંદમહિમા પ્રકાશી રે.....આજે૦ ૧૧.

સીમંધરનાથના નાદને ઝીલી,
અંતર આતમમાં ઊંડા ઉતારી;
પરમાગમ-શાસ્ત્રોમાં ભાવો ભરી દીધા રે,
સ્વાનુભૂતિના સત્ય પંથ પ્રકાશ્યા રે;
કુંદકુંદ-ગુણગીતો શાસ્ત્રોમાં ગાયા રે,
કુંદકુંદનાં ગુણગીતો મુનિઓએ ગાયા રે.....આજે૦ ૧૨.

પંચમ કાળના અચિંત્ય ઉપકારી,
અગણિત ગુણધારી કુંદકુંદસ્વામી;
જ્ઞાનેશ્વરી તપેશ્વરી ગગનવિહારી રે,
ચિદનિધિધારી, અપૂર્વ મહિમાધારી રે,
નિત્ય હોજો કુંદકુંદસેવા (મુનિવરસેવા)
મંગલકારી રે.....આજે૦ ૧૩.

તુજ પરમ ભક્ત મારા કહાનગુરુ પાક્યા,
અમ સેવકના આતમ ઉજાળ્યા;
તુજ વાણી-અમૃત ઘોળી ઘોળી પીધાં રે,
તુજ વાણી-અમૃત ભરતે વહાવ્યાં રે.....આજે૦ ૧૪.

અપૂર્વ યાત્રા ગુરુદેવે કરાવી,
અમ સેવક પર કૃપા વરસાવી;
નિત્ય હોજો ગુરુજીનો સાથ મંગળકારી રે,
નિત્ય હોજો ગુરુજીની સેવા મંગળકારી રે.....આજે૦ ૧૫.

*

## ૪૦. સોનેરી સદ્‌ગુરુદેવ પધારિયા રે

(રાગ–મંદિરના સુવર્ણ કળશો જળે ભર્યા રે)

આજે આનંદમંગળ વરતી રહ્યાં રે;
મંગલ યાત્રા કરી ગુરુદેવે કે,
સુંદર સ્વર્ણપુરીમાં પધારિયા રે,
આજે સોનેરી સૂરજ ઊગિયો રે;
સુંદર સોહી રહ્યાં સ્વર્ણધામ કે.
સોનેરી સદ્‌ગુરુદેવ પધારિયા રે. ૧.

રત્ન-પુષ્પોથી ગુરુજી વધાવીએ રે;
ભક્તિભાવે પૂજું ગુરુ-પાય કે...સોનેરી૦ ૨.

ગુરુદેવ (દક્ષિણ) બાહુબલીયાત્રા પધારિયા રે;
સાથે સેવકસંઘ અપાર કે...સોનેરી૦ ૩.

ભારતમાં ધર્મધ્વજ ફરકાવિયા રે;
સાચો બતાવ્યો મુક્તિનો રાહ કે...સોનેરી૦ ૪.

ભારતમાંહી અદ્વિતીય અવતાર છો રે;
જેની જોડ નહીં જગમાંય કે...સોનેરી૦ ૫.

દેશોદેશના સજ્જનો વધાવતા રે;
ગુરુજીનાં સ્વાગત અપૂર્વ (અદ્‌ભુત) થાય કે...સોનેરી૦ ૬.

અદ્‌ભુત જ્ઞાનવૈરાગ્યે ગુરુ શોભતા રે;
અનુપમ વાણીમાં આશ્ચર્ય અપાર કે...સોનેરી૦
દિવ્યવાણી બતાવે શિવપંથ કે...સોનેરી૦ ૭.

ગુરુજી સંઘ સહિત બહુ વિચર્યા રે;
(બહુ બહુ દેશ-વિદેશ ગુરુ વિચર્યા રે,)
બહુ બહુ યાત્રા કરાવી ગુરુદેવ કે...સોનેરી૦ ૮.

જિનવરપૂજન અપૂર્વ ગુરુદેવનાં રે;
(જિનવરપૂજન ગુરુજીનાં શોભતાં રે;)
અપૂર્વ ભક્તિ કરાવી ગુરુદેવે કે....સોનેરી૦ ૯.

જિનવર-અભિષેક ગુરુજીના શોભતા રે;
અંતર ઊછળી ઊછળી જાય કે...સોનેરી૦ ૧૦.

અપૂર્વ યાત્રા કરી ગુરુ સાથમાં રે;
ભારતના મહાપ્રભાવી સંત કે...સોનેરી૦ ૧૧.

આજે યાત્રા કરીને પધારિયા રે;
સુંદર સ્વર્ણપુરી મોઝાર કે...સોનેરી૦
(સુંદર સોહી રહ્યા સ્વર્ણધામ કે...સોનેરી૦) ૧૨.

દેવો-દેવેન્દ્રો પુષ્પે વધાવતા રે;
અમીદૃષ્ટિ કરે કુંદદેવ કે...સોનેરી૦
(અમીદૃષ્ટિ કરે જિનદેવ કે....સોનેરી૦) ૧૩.

ગગને દેવદુંદુભી વાગતા રે;
ઘેર ઘેર આનંદ-મંગળ આજ કે...સોનેરી૦ ૧૪.

ધજા-મંડપ-દુંદુભિ સ્વાગત કરે રે;
આવો પધારો સુવર્ણના નાથ કે...સોનેરી૦ ૧૫.

શાં શાં સ્વાગત કરું ગુરુદેવનાં રે;
આજે હીરલે વધાવું ગુરુદેવ કે...સોનેરી૦ ૧૬.

ઘેર ઘેર સ્વાગત-બંસરી બજી રહી રે;
આજે અંતર ઊછળી જાય કે...સોનેરી૦
(આજે અમૃતવર્ષા થાય કે...સોનેરી૦)
નિશદિન તુજ ચરણોની સેવા કે...સોનેરી૦ ૧૭.

*

## ૪૧. મીઠાં સ્મરણ નેમિનાથનાં રે

(રાગ : આજે દિવ્યધ્વનિ છૂટી વીરમુખથી રે)

આજ બાવીસમા નેમિનાથનાં રે,
તીર્થ ગિરનારે દશ્યો દેખાય,
આજ મીઠાં સ્મરણ નેમિનાથનાં રે. ૧.

આજ શિવાદેવીના નંદનાં રે,
ગઢ ગિરનારે દર્શન થાય,
આજ મીઠાં૦...૨.

જેણે ત્યાગ કર્યો રાજપાટનો રે,
વળી ત્યાગી છે રાજુલ નાર,
આજ મીઠાં૦...૩.

સહસાવને સંયમ આદર્યા રે,
પ્રભુ વિવાહપ્રસંગે વૈરાગ્ય,
આજ મીઠાં૦...૪.

સહસાવને શુક્લધ્યાન આદર્યાં રે,
પ્રભુ પામ્યા છો કેવળજ્ઞાન,
આજ મીઠાં૦...૫.

ગિરનારે સમોસરણ સોહતા રે,
અહો! સુર-નર-મુનિવરવૃંદ,
આજ મીઠાં૦...૬.

દિવ્યધ્વનિના ધોધ ગિરનારમાં રે,
નભે દેવદુંદુભિ નાદ,
આજ મીઠાં૦...૭.

પ્રભુ! સ્વપર-પ્રકાશક નાથ છો રે,
ચિન્મૂરત આતમરામ,
આજ મીઠાં૦...૮

દિવ્ય જ્ઞાનસાગર ઊછળી રહ્યા રે,
ગુણ અંતરમાં રમનાર,
આજ મીઠાં૦...૯.

ચક્રધર હલધર સેવા કરે રે,
સુણે જિનેન્દ્રના દિવ્ય નાદ,
આજ મીઠાં૦...૧૦.

દેવેન્દ્રો નરેન્દ્રો પ્રભુ પૂજતા રે,
મુનિરાજો જિનેન્દ્રગુણ ગાય,
આજ મીઠાં૦...૧૧.

પ્રભુમહિમા અહો અદ્‌ભુત છે રે,
તે મુખથી કેમ કથાય?
આજ મીઠાં૦...૧૨.

કલ્યાણક ત્રણ ગિરનારમાં રે,
તપ કેવળ મોક્ષસ્વરૂપ,
આજ મીઠાં૦...૧૩.

પ્રભુ પરમવૈરાગી તીર્થંકરા રે,
જિનનાથ દેવાધિદેવ,
આજ મીઠાં૦...૧૪.

તીર્થ ગિરનારથી મુક્તિ ગયા રે,
ગયા કોટિ કોટિ કુમાર,
આજ મીઠાં૦...૧૫.

આજ દેવાધિદેવ નેમિનાથનાં રે,
તીર્થ ગિરનારે દર્શન થાય,
આજ મીઠાં૦...૧૬.

શ્રી કહાનગુરુના પ્રતાપથી રે,
અહો અપૂર્વ યાત્રા થાય,
આજ મીઠાં૦...૧૭.

કહાનગુરુ મળ્યા અહોભાગ્યથી રે,
સમજાવ્યા સત્ય શિવપંથ,
આજ મીઠાં૦...૧૮.

*

## ૪૨. નેમિશ્વર કેવા હશે?

(રાગ : મને કહોને કુંદકુંદપ્રભુ કેવા હશે?)

મને કહોને—નેમીશ્વર કેવા હશે?
ગુરુ કહોને—નેમીશ્વર કેવા હશે?
કેવા હશે? ક્યાં રહેતા હશે?...મને કહોને૦
શિવાદેવીના નંદ કેવા હશે?...મને કહોને૦ ૧.

શંખના નાદે ધરતી ધ્રુજાવનાર,
સૌરાષ્ટ્રદેશની ભૂમિ ઉજાળનાર,
તીર્થંકરદેવ એ કેવા હશે?...મને કહોને૦
ત્રિભુવનપૂજ્ય એ કેવા હશે?...મને કહોને૦ ૨.

પશુડાં તણો પોકાર સુણીને,
પરમ વૈરાગ્ય દિલમાં ધરીને,
રાજુલને ત્યાગનાર કેવા હશે?...મને કહોને૦
વનવિહારી એ કેવા હશે?...મને કહોને૦ ૩.

સંયમને સાધનાર, આતમ-આરાધનાર,
કેવળ પ્રગટાવનાર કેવા હશે?...મને કહોને૦ ૪.

દિવ્ય-જ્ઞાનસાગર, ગુણ-રત્નાકર,
મહિમાધારક પ્રભુ કેવા હશે?...મને કહોને૦ ૫.

ગિરનારે (સમોસર્ણે) નેમિનાથ બિરાજતા,
દિવ્યધ્વનિના નાદ વરસાવતા,
વાસુદેવ બળદેવ દિવ્ય નાદ સુણતા,
(સુર-નર-મુનિવર દિવ્ય નાદ સુણતા,)
ધન્ય પ્રસંગ એ કેવા હશે?...મને કહોને૦ ૬.

દેવદુંદુભિનાદ આકાશે ગાજતા,
ઈન્દ્ર નરેન્દ્ર સહુ દર્શને આવતા,
(દેવ-દેવેન્દ્રો જિનવરને પૂજતા,)
પાવન પ્રસંગ એ કેવા હશે?...મને કહોને૦
મુનિઓના નાથ એ કેવા હશે?...મને કહોને૦
ત્રિભુવનનાથ પ્રભુ કેવા હશે?...મને કહોને૦ ૭.

ત્યાગી જીવનની દૃઢતા દેખાડનાર,
પરમ વૈરાગ્યના આદર્શ બતાવનાર,
શિવાદેવીના નંદ કેવા હશે?...મને કહોને૦
વૈરાગી નાથ એ કેવા હશે?...મને કહોને૦ ૮.

ચિદ્‌ભગવાન ગુરુ! આપે સમજાવિયા,
ચિદલબ્ધિપંથ ગુરુ! આપે પ્રકાશિયા,
ગિરનારી-નાથ કહો કેવા હશે?...મને કહોને૦ ૯.

*

## ૪૩. જન્મ્યા તારણહાર

ભરતે જન્મ્યા તારણહાર ગુરુવર મંગળકારી,
આજે સોનેરી પ્રભાત ભરતે મંગળકારી;
ગુરુજી પ્રતિષ્ઠા કરવા કાજ વિચરે મંગળકારી;
ગુરુજી તીરથવંદન કાજ વિચરે મંગળકારી. ૧.

ધર્મધુરંધર ગુરુવર કહાન,
ગુરુજીની અખંડ વર્તે આણ,
જાગ્યા ભવદધિ-તારણહાર, ગુરુવર મંગળકારી;
ગુરુજીનો વિહાર મંગળકાર, ગુરુવર મંગળકારી...ભરતે૦ ૨.

ભરતે રત્ન અલૌકિક 'કહાન',
પ્રગટી શ્રુતસરિતા મહાન,
વરસે વાણી અમૃતધાર, ગુરુવર મંગળકારી;
ભરતે આશ્ચર્ય અપાર, ગુરુવર મંગળકારી...ભરતે૦ ૩.

જિનવર મંદિરો બંધાય,
મંગળ પ્રતિષ્ઠાઓ બહુ થાય,
પુર પુર કલ્યાણક ઉજવાય, ગુરુવર મંગળકારી;
જિનવરવૃંદો સ્થાપનહાર, ગુરુવર મંગળકારી...ભરતે૦
જિનવરમાર્ગ પ્રકાશનહાર, ગુરુવર મંગળકારી...ભરતે૦ ૪.

ધર્મ-ઉદ્યાનો રોપણહાર,
રોપ્યાં નગર નગર મોઝાર,
(મુખથી) વરસે ચૈતન્યની રસધાર, ગુરુવર મંગળકારી;
ડોલ્યું આખું હિન્દુસ્તાન, ગુરુવર મંગળકારી...ભરતે૦ ૫.

ધન્ય ધન્ય સીમંધર-લઘુનંદ,
કુંદકુંદ-મુનિવરના ફુલચંદ,

મળિયા ભાવિના ભગવંત, ગુરુવર મંગળકારી;
જાગ્યા શાસનધોરી સંત, ગુરુવર મંગળકારી;
(પ્રગટ્યા પ્રભાવશાળી સંત, ગુરુવર મંગળકારી.)....ભરતે૦ ૬.

સ્વર્ણે બિરાજ્યા ગુરુવર કહાન,
પરમ પ્રતાપી ગુરુજી મહાન,
અમ ભક્તોના તારણહાર,
ગુરુજીની સેવા મંગળકાર, ગુરુવર મંગળકારી;
(—સેવા સંતની મંગળકાર, ગુરુવર મંગળકારી;)
ગુરુજીને વંદન વારંવાર, ગુરુવર મંગળકારી...ભરતે૦ ૭.

*

## ૪૪. લાખ લાખ વાર જિનરાજનાં વધામણાં

લાખ લાખ વાર ગુરુરાજનાં વધામણાં,
અંતરિયું હર્ષે ઊભરાય, આજ મારે ગુરુવર પધારિયા. ૧.

મોતીનો થાળ ભરી ગુરુને વધાવીએ,
માણેક-મોતીના સ્વસ્તિક રચાવીએ;
આનંદથી લઈએ વધાઈ, આજ મારે ગુરુવર પધારિયા. ૨.

ગુરુવર-પ્રતાપથી જિનવર નિહાળિયા,
દર્શનથી દિલડાં અમ હરખાઈયાં;
આનંદ ઉરમાં ન માય, આજ મારે મંગળ વધામણાં. ૩.

સૌરાષ્ટ્રદેશમાં તોરણ બંધાયાં,
જિનેશ્વરદેવનાં મંદિર સ્થપાયાં;
જિનવરપ્રતિષ્ઠા થાય, આજ મારે મંગળ વધામણાં. ૪.

મુક્તિનાં દ્વાર ગુરુરાજે ઉઘાડિયાં,
જિનવરવૃંદોનાં સ્થાપન કરાવિયાં;

—ચૈતન્યધર્મના પંથ પ્રકાશિયા,
ધર્મવૃક્ષ-રોપણહાર, આજ મારે મંગળ વધામણાં. ૫.

શ્રી ગુરુદેવના પુનિત પ્રતાપે,
વીતરાગી ધર્મના ફાલ રૂડા ફાલે;
નિત નિત વૃદ્ધિ થાય, આજ મારે મંગળ વધામણાં. ૬.

સ્વર્ણપુરે સુવર્ણ ગુરુવર પધારિયા,
સ્વર્ણમય ભૂમિના રંગો રંગાઈયા;
સુવર્ણ દૃશ્યો દેખાય, આજ મારે મંગળ વધામણાં. ૭.

શોભા બની સુવર્ણની સુવર્ણમય,
જીવન અમારાં બન્યાં સુવર્ણમય;
સુવર્ણ ચરણોની સેવ, આજ મારે મંગળ વધામણાં. ૮.

સુવર્ણપુરે ગુરુ અમૃત વરસાવતા,
સુવર્ણબાગનાં કમળો ખીલવતા;
અદ્‌ભુત વાણીના નાદ નિત્ય ગાજતા;
ગુરુવાણી-મહિમા અપાર, આજ મારે મંગળ વધામણાં. ૯.

સેવક-આંગણિયે ગુરુજી પધારિયા,
શાં શાં કરું ગુરુરાજનાં વધામણાં;
રોમ રોમ હર્ષ ઊભરાય, આજ મારે ગુરુવર પધારિયા. ૧૦.

કરુણાનિધાન શ્રી સદ્‌ગુરુદેવા,
નિશદિન ચાહું તુજ દર્શન મેવા;
—ભવભવ તાહરી ચાહું હું સેવા;
કેવળલક્ષ્મી પમાય, આજ મારે ગુરુવર પધારિયા. ૧૧.

મીઠાં મીઠાં ગીત ગુરુજીનાં ગજાવીએ,
સેવા-ભક્તિની ધૂન મચાવીએ;
ચરણોમાં રહીએ સદાય, આજ મારે ગુરુવર પધારિયા. ૧૨.

*

## ૪૫. ધન્ય દિન આજે ઊગ્યો રે

(રાગ—વીરપ્રભુજી મોક્ષ પધાર્યા)

અપૂર્વ અવસર સુવર્ણપુરીમાં, પધાર્યા સદ્‌ગુરુદેવ રે;
ધન્ય દિન આજે ઊગ્યો રે. ૧.
ભવ્ય હૃદયમાં તત્ત્વ રેડીને, પધાર્યા તીરથધામ રે; ધન્ય૦ ૨.
પ્રભાવનાનો ધ્વજ ફરકાવી, ભેટ્યા આજે ભગવાન રે; ધન્ય૦ ૩.
દેશોદેશ જયકાર ગજાવી, પધાર્યા શ્રી ગુરુ કહાન રે; ધન્ય૦ ૪.
મીઠો મહેરામણ આંગણે દીઠો, અહો શ્રી સદ્‌ગુરુદેવ રે; ધન્ય૦ ૫.
સોળ કળાએ સૂર્ય પ્રકાશ્યો, વરસ્યા અમૃત-મેહ રે; ધન્ય૦ ૬.
સત્ય સ્વભાવને બતાવવા ગુરુ, અજોડ જાગ્યો તું સંત રે; ધન્ય૦ ૭.
અજબ શક્તિ ગુરુ તાહરી દેખી, ઈન્દ્રો અતિ ગુણ ગાય રે; ધન્ય૦ ૮.
શ્રી ગુરુરાજની પધરામણીથી, આનંદ અતિ ઉલસાય રે; ધન્ય૦ ૯.
મન્દિર ને આ ધામો અમારાં, દીસે અતિ રસાળ રે; ધન્ય૦ ૧૦.
વૃક્ષો અને વેલડીઓ ગુરુજીને લળી લળી લાગે પાય રે; ધન્ય૦ ૧૧.
ફળફૂલ આજે નીચાં નમીને, પૂજન કરે ગુરુ-પાય રે; ધન્ય૦ ૧૨.
મોર ને પોપટ સહુ કહે—આવો, આવોને કહાનગુરુદેવ રે; ધન્ય૦ ૧૩.
ગુરુચરણના સ્પર્શથી આજે, ભૂમિ અતિ હરખાય રે; ધન્ય૦ ૧૪.
રંકથી માંડી રાય સહુને આનંદ આનંદ થાય રે; ધન્ય૦ ૧૫.
દેવો આજે વિમાનથી ઊતરી, વધાવે કહાનગુરુદેવ રે; ધન્ય૦ ૧૬.
શ્રી ગુરુરાજનાં પુનિત ચરણથી, સુવર્ણપુરે જયકાર રે; ધન્ય૦ ૧૭.
તીરથધામની શોભા અપાર જ્યાં, બિરાજે દેવ-ગુરુ-શાસ્ત્ર રે;
ધન્ય દિન આજે ઊગ્યો રે. ૧૮.

*

## ૪૬. શ્રી સરસ્વતી-સ્તવન

સુણો સીમંધરજિનની વાણ, એ ભવોદધિ-તારણહાર,
સુણો કુંદકુંદદેવની વાણ, એ આતમ-તારણહાર,
સુણો કહાનગુરુની વાણ, ચૈતન્ય ઝળકાવણહાર. ૧.

જ્ઞાન વિકસાવનારી વાણી અહો, જડ-ચૈતન્ય ભેદાવનાર વાણી અહો!
તારાં ભાવે પૂજન કરું આજ, જય જિનવાણી અહો!
તારાં ભાવે પૂજન કરું આજ, જય ગુરુવાણી અહો! ૨.

ત્રણ લોકમાં ઉદ્યોત કરનારી અહો, મહા મંગળ મહોત્સવ દેનારી અહો!
તારાં લાલન-પાલન કરું આજ, જય જિન (ગુરુ) વાણી અહો! ૩.

જ્યાં રત્નત્રય-તોરણ ઝૂલે અહો, એવા મુક્તિમંડપ રચનારી અહો!
અનંત આનંદરસ દેનાર, જય જિન (ગુરુ) વાણી અહો! ૪.

ગુરુજ્ઞાનગુંજારવ કાને આવે, આ ચૈતન્યમાં રણકાર જાગી ઊઠે;
મારું હૈયું આનંદે ઊભરાય, જય ગુરુવાણી અહો! ૫.

ગુરુ પર્યાયે પર્યાયે જ્ઞાનદીવડા જાગ્યા, જાણે ગગનેથી ભાનુ આવી મળ્યા;
એવા તેજ-અંબાર છલકાય, જય ગુરુવાણી અહો!
શ્રુતસાગર ઊછળ્યા મહાન, જય ગુરવાણી અહો! ૬.

ધન્ય ધન્ય સીમંધરનંદન અહો, ધન્ય ધન્ય કુંદકેડાયત અહો!
તારાં ચરણોમાં રહીએ સદાય, જય ગુરુવાણી અહો!
સુણો સીમંધરજિનની વાણ, એ ભવોદધિ-તારણહાર. ૭

*

## ૪૭. સુરેન્દ્રો આવો....સ્વાધ્યાયમંદિરે ઊતરો

સુરેન્દ્ર આવો ગગનના સ્વાધ્યાયમંદિરે ઊતરો;
ભગવાન શ્રી કુન્દકુન્દના જયનાદ ગજવો જગતમાં.
અધ્યાત્મમૂર્તિ 'કહાન'ના જયનાદ ગજવો જગતમાં..... ૧.

ગુરુરાજ આપ પધારીને, સ્વાધ્યાય-દ્વાર ખોલાવિયાં;
કુન્દકુન્દકૃત સમયસારના જયનાદ ગાજ્યા જગતમાં.....સુરેન્દ્ર૦ ૨.

મા! તું અમારી સરસ્વતી, સ્થાપન થયું મા! તાહરું,
શી શી કરું તારી સ્તુતિ, તું જીવનદાત્રી ભગવતી.....સુરેન્દ્ર૦ ૩.

સત્યાર્થ વસ્તુ પ્રકાશકર, શાસન તણા સિંહ-કેસરી;
કુન્દકુન્દકૃત પ્રાભૃત તણી સરિતા વહાવી રાજવી.....સુરેન્દ્ર૦ ૪.

ભગવાન શ્રી કુન્દકુન્દ ને સમયસારજી દાતાર છો;
શાસ્ત્રો તણા મર્મજ્ઞ છો, સાક્ષાત્ શ્રી ગુરુકહાન છો.....સુરેન્દ્ર૦ ૫.

સંગીત મધુર રેલાવવા સ્વર્ગીય વાદ્યો સાથમાં,
આવો ગવૈયા સ્વર્ગના, સુવર્ણના મેદાનમાં.....સુરેન્દ્ર૦ ૬.

રે! આવજો, સહુ આવજો, ગ્રંથાધિપતિ-ગુણગાનમાં;
રે! આવજો, સહુ આવજો, ગુરુકહાનના સ્તુતિગાનમાં;
લઈ ભાગ આજ હોંશથી, જયવંત હોજો જીવનમાં.....સુરેન્દ્ર૦ ૭.

ભાગ્યે પધાર્યા ભરતમાં, (નિત્ય) ગુરુજી બિરાજ્યા સ્વર્ણમાં;
સાંનિધ્ય મળિયાં સંતનાં, અહો! ભવિક-તારણહારનાં.....સુરેન્દ્ર૦ ૮.

અદ્ભુત અનુપમ જ્ઞાન છે, ચિદરસભરી ગુરુવાણ છે;
મહિમાભર્યા ગુરુરાજ છે, ચિંતિત ફળ દાતાર છે.....સુરેન્દ્ર૦ ૯.

*

## ૪૮. શ્રી પ્રણવ-માહાત્મ્ય

ૐકારં બિન્દુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ ॥

(ઘનાક્ષરી)

‘ૐકાર’ શબદ વિશદ યાકે ઉભયરૂપ,
એક આતમીક ભાવ એક પુદગલકો;
શુદ્ધતા સ્વભાવ લિયે ઉઠ્યો રાય ચિદાનંદ,
અશુદ્ધ વિભાવ લૈ પ્રભાવ જડબલકો;
ત્રિગુણ ત્રિકાળ તાતૈં વ્યય-ધ્રુવ-ઉતપાત,
જ્ઞાતાકો સુહાત બાત નહીં લાગ ખલકો;
બનારસિદાસજૂકે હૃદય ‘ૐકાર’ વાસ,
જૈસો પરકાશ શશિ પક્ષકે શુકલકો. ૧.

નિરમલ જ્ઞાનકે પ્રકાર પંચ નરલોક,
તામેં શ્રુતજ્ઞાન પરધાન કરી પાયો હૈ;
તાકે મૂલ દોષરૂપ અક્ષર અનક્ષરમેં,
અનક્ષર અગ્ર પિંડ, સૈનમેં બતાયો હૈ;
બાવન વરણ જાકે અસંખ્યાત સન્નિપાત,
તિનિમેં નૃપ ‘ૐકાર’ સજ્જન સુહાયો હૈ;
બનારસિદાસ અંગ દ્વાદશ વિચાર યામેં;
ઐસો ‘ૐકાર’ કંઠ પાઠ તોહિ આયો હૈ. ૨.

મહામંત્ર ‘ગાયત્રી’કે મુખ બ્રહ્મરૂપ મંડ્યો,
આતમપ્રદેશ કોઈ પરમ પ્રકાશ હૈ;
તા પર અશોક વૃક્ષ છત્ર ધ્વજ ચામર સો,
પવન અગનિ જલ વસૈ એક વાસ હૈ;

સારીકે અકાર તામેં રુદ્રરૂપ ચિંતવત,
મહાતમ મહાવૃત તામેં બહુ ભાસ હૈ;
ઐસો ‘ૐકાર’કો અમૂલ ચૂલ મૂલરસ,
બનારસિદાસજૂકે વદન વિલાસ હૈ. ૩.

*

## ૪૯. સુમતિનાં દૈવીરૂપ ૧૦૮ નામ

(રાગ–જો અતિ એકીભાવ ભયો માનો અનિવારી)

(દોહા)

નમૌં સિદ્ધિસાધક પુરુષ, નમૌં આતમારામ;
વરણોં દેવી સુમતિકે, અષ્ટોત્તરશત નામ. ૧.

(રોડક છંદ)

સુમતિ સુબુદ્ધિ સુધી સુબોધનિધિસુતા પુનીતા,
શશિવદની સેમુષી શિવમતિ ધિષણા સીતા;
સિદ્ધા સંજમવતી સ્યાદવાદિની વિનીતા,
નિર્દોષા નીરજા નિર્મલા જગત-અતીતા.

શીલવતી શોભાવતી, શુચિધર્મા રુચિરીતિ;
શિવા સુભદ્રા શંકરી, મેધા દૃઢપરતીતિ. ૨.

બ્રહ્માણી બ્રહ્મજા બ્રહ્મરતિ બ્રહ્મઅધીતા,
પદમા પદ્માવતી વીતરાગા ગુણમીતા;
શિવદાયિનિ શીતલા રાધિકા રમા અજીતા,
સમતા સિદ્ધેશ્વરી સત્યભામા નિરનીતા.

કલ્યાણી કમલા કુશલિ, ભવભંજની ભવનિ;
લીલાવતી મનોરમા આનંદી સુખખાનિ. ૩.

પરમા પરમેશ્વરી પરમમંડિતા અનંતા,
અસહાયા આમોદવતી અભયા અઘહંતા;
જ્ઞાનવતી ગુણવતી ગૌતમી ગૌરી ગંગા,
લક્ષ્મી વિદ્યાધરી આદિસુંદરી અસંગા.

ચન્દ્રાભા ચિંતાહરણિ, ચિદ્‌વિદ્યા ચિદ્‌વેલિ;
ચેતનવતી નિરાકુલા, શિવમુદ્રા શિવકેલિ. ૪.

ચિદ્‌વદની ચિદ્‌રૂપકલા વસુમતી વિચિત્રા,
અર્ધંગી અક્ષરા જગતજનની જગમિત્રા;
અવિકારા ચેતના ચમત્કારિણી ચિદંકા,
દુર્ગા દર્શનવતી દુરિતહરણી નિકલંકા.

ધર્મધરા ધીરજધરનિ, મોહનાશિની વામ;
જગતવિકાશિની ભગવતી, ભરમભેદની નામ. ૫.

( ધત્તા છંદ )

નિપુણનવનીતા, વિતથવિતીતા, સુજસા ભવસાગરતરણી;
નિગમા નિરબાનિ, દયાનિધાની, યહ સુબુદ્ધિદેવી વરણી. ૬.

(—બનારસીવિલાસ)

*

## ૫૦. ધન્ય ધન્ય શ્રી ઉમરાળા ગામ.....

ધન્ય ધન્ય શ્રી ઉમરાળા ગામ, પ્રગટ્યા ધર્મધુરંધર કહાન;
તારાં શાં શાં કરું સન્માન, જગમાં સત્ય પ્રકાશનહાર.
ઓગણીસ છેંતાલીસ વર્ષે, વૈશાખ બીજ રવિવારે;
ઝળહળ જગમાં ભાનુપ્રકાશ, જન્મ્યા કહાનકુંવર ગુરુરાજ.
માતા ઉજમબા કૂખ નંદ, જન્મ્યા ભારતના આ ચંદ. ધન્ય૦ ૧.

પ્રભુ નિર્મળ બાળ લીલાએ, તું વધિયો વિવેકભાવે;
રહેતો અંતરથી ઉદાસ, અદ્‌ભુત એવી તારી વાત. ધન્ય૦ ૨.

કુંદામૃત પાન પીધાં, નિજ આતમકાજ કીધાં;
જિનની સાચી રાખી ટેક, જાગ્યો સત્ય સુકાની એક.
તારી મહિમા અપરંપાર, તારાં શાં કરીએ સન્માન. ધન્ય૦ ૩.

પ્રભુ જ્ઞાન ખજાના ખીલ્યા, તુજ આતમ માંહી પ્રકાશ્યા;
દીપે બાહ્યાંતર ગુરુરાજ, જગમાં સત્ય પ્રકાશનહાર.
શોભે જન્મભૂમિનાં સ્થાન, જન્મ્યા લાડીલા ગુરુકહાન;
ધન્ય ધન્ય માત-પિતા કુળ જાત, જન્મ્યા જગના તારણહાર.
મારા આતમના આધાર, જન્મ્યા જગના તારણહાર. ધન્ય૦ ૪.

સીમંધર-સુત જન્મ્યા, ગગને વાજિંત્રો વાગ્યાં;
ઈન્દ્રો આનંદ-મંગલ ગાય, જન્મ્યા કહાનકુંવર ગુરુરાજ.
માતા ઉજમબાના લાલ, જયજયકાર જગતમાં આજ. ધન્ય૦ ૫.

જગમાં બહુ હતાં અંધારાં, સૂઝે નહિ માર્ગ લગારા;
સાથી સાચો જાગ્યો કહાન, જગમાં સત્ય પ્રકાશનહાર. ધન્ય૦ ૬.

પ્રભુ મંગલમૂર્તિ તમારી, તુજ દર્શને હર્ષ અપારી;
વંદન હોજો અગણિત વાર, જગમાં સત્ય પ્રકાશનહાર. ધન્ય૦ ૭.

*

## ૫૧. આવો આવો ગાઓને

આવો આવો, ગાઓને નરનાર, વંદન જિનને કરીએ,
જોડો જોડો હૈયાના તારેતાર, વંદન જિનને કરીએ.

તનનો હું તંબૂર બનાવું, પ્રભુભક્તિએ ધૂન મચાવું;
ઊઠે ઊઠે રોમે રોમે રણકાર, વંદન જિનને કરીએ. આવો૦ ૧.

મન-પુષ્પોનો અર્ઘ રચશું, પૂજન મારા પ્રભુનાં કરશું;
ગાશું ગાશું અંતરના આધાર, વંદન જિનને કરીએ. આવો૦ ૨.

અલખ નિરંજન દેવ સમરવા, જ્યોતિ તારી જીવન ભરવા;
વાગે વાગે સેવકની સતાર, વંદન જિનને કરીએ. આવો૦ ૩.

આવો આવો, ગાઓને સહુ નરનાર, વંદન ગુરુને કરીએ;
જોડો જોડો હૈયાના તારેતાર, વંદન ગુરુને કરીએ.

તનનો હું તંબૂર બનાવું, વાણીની હું વીણા બજાવું;
વાગે વાગે ગુરુગુણ તણા રણકાર, વંદન ગુરુને કરીએ. આવો૦ ૪.

બે કરનાં હું ઝાંઝ બનાવું, તાલે તાલે નાચ નચાવું;
ગાજે ગાજે ગુરુજીના જયકાર, વંદન ગુરુને કરીએ. આવો૦ ૫.

મન-પુષ્પોનો અર્ઘ રચશું, પૂજન મારા ગુરુનાં કરશું;
ગાશું ગાશું અંતરના આધાર, વંદન ગુરુને કરીએ. આવો૦ ૬.

અલખ નિરંજન દેવ સમરવા, જ્યોતિ તારી જીવન ભરવા;
વાગે વાગે સેવકની સતાર, વંદન ગુરુને કરીએ.
ગાજે ગાજે વીરના લઘુનંદન આજ, વંદન ગુરુને કરીએ.
જયવંત વર્તો સેવકના વ્હાલા ગુરુદેવ, વંદન ગુરુને કરીએ. આવો૦ ૭.

*

## ૫૨. ધન્ય ધન્ય દિન આજ હૈ

ધન્ય ધન્ય દિન આજ હૈ, મંગલમય સુપ્રભાત હૈ,
ઉજમબાકે રાજદુલારેકા મંગલ અવતાર હૈ;
હાં આનંદ આજ અપાર હૈ.

ઉમરાલાકે દ્વાર દ્વાર પર બાજ રહી શહનાઈયાં,
મોતી રાજા ઉજમબા ઘર, મંગલ ગીત વધાઈયાં;
દેવદેવિયાં સબ મિલ આજે જન્મોત્સવ મના રહે,
બાલસુલભ લીલાકો દેખે, સબ ચિત્તમેં હરિયાલિયાં;
પૂર્ણ ચંદ્ર સમ મુખડા તેરા જગ-આકર્ષણહાર હૈ,
સૂર્યપ્રભાસે ભી અધિકા યે અનુપમ તુમ દેદાર હૈ.
ધન્ય ધન્ય૦ ૧.

જનમ-જનમકા અંત કરે તૂ ઐસા મહિમાવંત હૈ,
કરુણામય વાત્સલ્યમૂર્તિ પ્રભુ અનુપમ શક્તિવંત હૈ;
જિનશાસનકો અખિલ વિશ્વમેં ફૈલાને પ્રભુ તૂ આયા,
બચપનસે હી ધર્મરસિક તુજ મુદ્રા ઉપશમવંત હૈ;
તૂ અજોડ હૈ વિશ્વવિભૂતિ, તેરી ચાલ નિરાલી હૈ,
નિરાલંબી દુનિયાસે તેરી જ્ઞાનદશા મતવાલી હૈ.
ધન્ય ધન્ય૦ ૨.

ચૈતન્યપ્રભુકા અજબ-ગજબકા રંગ સાથમેં લાયા હૈ,
આતા હૈ જો તુજ દર્શનકો, ઉસ રંગમેં રંગ જાતા હૈ;
પાવન જૈસે નીર નદીકા, નિર્મલ તેરા યહ મન હૈ,
તુમ ચરણોંકો પાકર હમકો અંતર હર્ષ ન માતા હૈ;
જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિકા ગુરુમેં સંગમ મંગલકાર હૈ,
કહાન-ગુરુવર શાશ્વત ચમકો, વંદન વારંવાર હૈ.
ધન્ય ધન્ય૦ ૩.

ભક્તવત્સલ ગુરુવરકા જગમેં મંગલમય અવતાર હૈ,
જીવનશિલ્પી નાથ અહો અમ આતમકે આધાર હૈં;
મીઠી મધુરી વાણી તેરી વિશ્વગગનમેં ગુંજ ઉઠી,
મંગલ સ્વરકો સુન જગમેં હોતા તેરા જયકાર હૈ;
મહિમા ગુરુકી કરતા જા, અંતર ઈન્હેં બિઠાતા જા,
ગુરુવરકે ચરણોં પર ચલને ગીત રંગીલે ગાતા જા.
ધન્ય ધન્ય૦ ૪.

*

## ૫૩. તુમ એક અલૌકિક

તુમ એક અલૌકિક હો ભગવન્!
ત્રિભુવનમેં સચમુચ લાખોંમેં;
હૈ મધુર શાંતરસ ભરા હુઆ,
ભરપૂર તુમ્હારી આંખોંમેં. ૧.

તુમ જગસે બિલકુલ ન્યારે હો,
જીવન-આધાર હમારે હો;
તુમ ભૂલ ગયે હો પાપોંકો,
હૈ ધર્મ તુમ્હારી આંખોંમેં. ૨.

શુભ સહનશીલતા પાઠ પઢા,
મનમેં વિરાગકા રંગ ચઢા;
દિખલાઈ પડતા હૈ અતિશય,
અધ્યાત્મ તુમ્હારી આંખોંમેં. ૩.

મમતાકા ગલા દબાયા હૈ,
જગવર્દ્ધક લોભ હટાયા હૈ;
ઉપશમ સમતાદિ ગુણોંકા હૈ,
ભંડાર તુમ્હારી આંખોંમેં. ૪.

યે વચન તુમ્હારે સુધાભરે,
જગભરકા સબ સંતાપ હરે;
અતિ કૂટ-કૂટ કર ભરી હુઈ,
સ્વદયા તુમ્હારી આંખોંમેં. ૫.

તુમ જીવન-માર્ગ દિખાતે હો,
ચહું ગતિસે હમેં બચાતે હો;
લખ તુમ્હેં હર્ષ ઉભરાતા હૈ,
હે નાથ! હમારી આખોંમેં. ૬.

*

## ૫૪. યહ સંતોંકા દેશ હૈ

યહ સંતોકા દેશ હૈ, દુખકા નહીં પ્રવેશ હૈ,
સ્વર્ણપુરી હૈ નામ અહો! યહાં નહીં કીટકા લેશ હૈ;
—યહ સંતોકા૦

ઉમરાલાકે શુભ પ્રાંગણમેં શ્રેષ્ઠી 'મોતી' તાત હૈં,
'ઉજમબા'કે રાજદુલારેકા મંગલ અવતાર હૈ;
તીર્થસમા પાવન મન હૈ, ખિલા હુઆ નંદનવન હૈ,
મનમોહક ગુરુમુદ્રા પર યહ ન્યોછાવર સબ જગજન હૈં;
—યહ સંતોકા૦ ૧.

ગુરુવરકે પાવન ચરણોંસે ફૈલી હૈં હરિયાલિયાં,
શાંતિપંથકા માર્ગ દિખાતે છાઈ હૈં ખુશિયાલિયાં;
મુક્તિકે દાતાર હૈં, જગકે તારણહાર હૈં,
જગત શિરોમણિ 'કહાનગુરુવર' શાસનકે શણગાર હૈં;
—યહ સંતોકા૦ ૨.

દિવ્યવિભૂતિ ‘કહાનગુરુજી’ સિંહકેસરી હૈં જાગે,
ધર્મચક્રીકી અમર પતાકા દેશોદેશમેં ફહરાયે;
વાણી અમૃત ઘોલી હૈ, સારી દુનિયા ડોલી હૈ,
વીતરાગકે ગુપ્તહૃદયકી અંતર ગ્રંથિ ખોલી હૈ;
—યહ સંતોકા૦ ૩.

ચૈતન્યપ્રભુકા અજબ-ગજબકા રંગ ગુરુમેં છાયા હૈ,
ઔર ઉસે હી ભક્તોંકે અંતસ્તલમેં ફૈલાયા હૈ;
કલ્પવૃક્ષ ચિંતામણિ સમ ગુરુ વાંછિત-ફલ-દાતાર હૈં,
કહાનગુરુ! તવ ચરણોંમેં મમ વંદન અગણિત વાર હૈ;
—યહ સંતોકા૦ ૪.

શાશ્વત શરણ તુમ્હારા હો, ચાહેં જગત કિનારા હો,
ભવભવમેં તવ દાસ રહેં, બસ તૂ આદર્શ હમારા હો;
યહ સંતોકા ધામ હૈ, સાધકકા વિશ્રામ હૈ,
સ્વર્ણપુરીમેં મસ્ત વિચરતે, ગુરુવર આતમરામ હૈં;
—યહ સંતોકા૦ ૫.

સહજ સિદ્ધાનંદ.

*

## ૫૫. કોના પગલે પગલે

(રાગ : કોઈના લાડકવાયા)

કોના પગલે પગલે ચાલે મુક્તિની વણઝાર,
કોના સાદે જાગે સર્વે આત્માર્થી નરનાર;
અપાર મુક્તિગામી જીવોનો તું સાચો સરદાર,
ઓ કહાનગુરુ! તુજ ચરણકમળમાં વંદન વારંવાર. ૧.

સ્વતંત્રતાનો શંખ ફૂંકીને કર્યો અસત્-સંહાર,
સાચો મુક્તિપંથ બતાવી દૂર કર્યો અંધાર;

કેવળી પ્રભુના વિરહ ભુલાવી, વર્ષાવી શ્રુતધાર,
જૈનધર્મ-જયનાદ ગજાવી, વર્તાવ્યો જયકાર. ૨.

વીતરાગી વાણી છે તારી ત્રિકાળ નહીં ફરનાર,
સુપાત્ર જીવને અંતર સ્પર્શી ખોલે આતમદ્વાર;
સિંહ બનીને ઝઝુમ્યો જગમાં કોઈથી ના ડરનાર,
રાય-રંકનો ભેદ ન જેને, ધન્ય ધન્ય અવતાર. ૩.

અનંત ભવના અમ દુખિયાનો તું છો તારણહાર,
પામર અમને પ્રભુતા આપી, દીધો આતમસાર;
સત્ય અહિંસક પવિત્રતાનું આત્મજીવન જીવનાર,
કહાનગુરુનો જોટો જગમાં ક્યાંય નહીં જડનાર. ૪.

જેની કીર્તિ ગાજે આજે ભારતદેશ મોઝાર,
જય જય હોજો કહાનગુરુજી અનંતગુણ-ભંડાર;
એ ગુરુ સમીપે જીવન જેહનાં ધન્ય તે નરનાર,
અલ્પ કાળમાં ધર્મ પામીને વરશે તે શિવનાર. ૫.

*

## ૫૬. એ પ્રભાવશાળી આતમા

એક અદ્‌ભુત આતમા, વીરનો મારગ જાણતા;
મુમુક્ષુઓ વખાણતા, એ પ્રભાવશાળી આતમા. ૧.

ઉમરાળાનો રહેવાસી, નામ પડ્યું મિથુન રાશિ;
શિવરમણીને છે પ્યાસી, એ પ્રભાવશાળી આતમા. ૨.

પાલેજથી તે ઓળખાયો, અનેકના દિલને ભાયો;
સુવર્ણપુરીનો મહારાયો, એ પ્રભાવશાળી આતમા. ૩.

કાનજીસ્વામી નામ છે, ભવ તરવાનું કામ છે;
આનંદી આતમરામ છે, એ પ્રભાવશાળી આતમા. ૪.

ગુરુજી ઉપર પ્યાર છે, સાચો તેનો આધાર છે;
નાવિક તારણહાર છે, એ પ્રભાવશાળી આતમા. ૫.

સમયસારને છણનારો, સર્વ દોષને હણનારો;
મુક્તિને તે વરનારો, એ પ્રભાવશાળી આતમા. ૬.

આધ્યાત્મિક એ યોગી છે, આતમરસનો ભોગી છે;
શુદ્ધસ્વરૂપ-સંયોગી છે, એ પ્રભાવશાળી આતમા. ૭.

પૂરવ ભવમાં પામેલો, તે પણ સાથે લાવેલો;
તત્ત્વજ્ઞાનમાં રસઘેલો, એ પ્રભાવશાળી આતમા. ૮.

કુંદ-સીમંધર-વારસ છે, રત્નચિંતામણિ પારસ છે;
અંતર જેનું આરસ છે, એ પ્રભાવશાળી આતમા. ૯.

અંતરમાં ઓળખાણ છે, સર્વ શાસ્ત્રનો જાણ છે;
વાણી અમીરસ-ખાણ છે, એ પ્રભાવશાળી આતમા. ૧૦.

અંતરમાં ઉજમાળ છે, વ્યાખ્યાન અમૃતથાળ છે;
તે હૃદયનો વિશાળ છે, એ પ્રભાવશાળી આતમા. ૧૧.

આત્મ-મસ્તીમાં મસ્ત રહે, સઘળાનું એ હિત ચહે;
કર્મશત્રુને નિત્ય દહે, એ પ્રભાવશાળી આતમા. ૧૨.

મિથ્યાત્વનો વિરોધક છે, સત્ય તણો એ સ્થાપક છે;
પરમ શ્રુતનો બોધક છે, એ પ્રભાવશાળી આતમા. ૧૩.

અપૂર્વ શાંતિ વેદક છે, તમામ ગ્રંથિ ભેદક છે;
ચતુર ને વળી ચેતક છે, એ પ્રભાવશાળી આતમા. ૧૪.

મહા પ્રતાપી પુરુષ છે, ભેદજ્ઞાનનો સ્ફુરક છે;
જાણે ઊગતો સૂરજ છે, એ પ્રભાવશાળી આતમા. ૧૫.

અજબ એની સ્મૃતિ છે, ગજબ એની સ્ફૂર્તિ છે;
કેવળ કરુણામૂર્તિ છે, એ પ્રભાવશાળી આતમા. ૧૬.

(એને) આતમજ્યોતિ જાગી છે, પ્રભુમય લગની લાગી છે;
ભ્રમણા સૌની ભાંગી છે, એ પ્રભાવશાળી આતમા. ૧૭.

શ્રીમંત-ધીમંત આવે છે, ચરણે શિર ઝુકાવે છે;
માનીનાં માન મુકાવે છે, એ પ્રભાવશાળી આતમા. ૧૮.

અંતર શોધ કરાવે છે, ભક્તજનોને ભાવે છે;
આતમજ્ઞાને સોહે છે, એ પ્રભાવશાળી આતમા. ૧૯.

અજબ-ગજબની વ્યક્તિ છે, અનોખી એની શક્તિ છે;
નિષ્કામ પ્રભુની ભક્તિ છે, એ પ્રભાવશાળી આતમા. ૨૦.

કરુણા અપરંપાર છે, પુણ્યશાળી પારાવાર છે;
તેને વંદન લાખો વાર છે, એ પ્રભાવશાળી આતમા. ૨૧.

*

## ૫૭. અવની ઉદ્ધારવા

અવની ઉદ્ધારવા, ભવ્યોને તારવા, તારો અવતાર;
કહાન તારી બંસીમાં ડોલે નરનાર (૨).

સત્યને સ્થાપવા, અસત્યને ઉથાપવા;
થયો ભરતમાં તારો અવતાર......કહાન૦ ૧.

આત્મ ઉદ્ધારવા, ભવસાગર તારવા;
જિજ્ઞાસુ જીવનો સાચો સરદાર......કહાન૦ ૨.

અજ્ઞાન મિટાવવા, જ્યોતિ પ્રગટાવવાં;
જ્ઞાનામૃત સીંચી જીવન દેનાર.....કહાન૦ ૩.

આત્મદૃષ્ટિ આપતો, જડતા ઉથાપતો;
અજ્ઞાની અમ પર તારા ઉપકાર.....કહાન૦ ૪.

આત્મસ્વરૂપે લીન, જગથી ઉદાસીન;
સાચું પવિત્ર તું જીવન જીવનાર......કહાન૦ ૫.

જિનશાસન કાજ, ધર્મ ઉદ્ધારવા જ;
ડંકો વગાડ્યો તેં ભરત મોઝાર....કહાન૦ ૬.

*

## ૫૮. એક અદ્‌ભુત આતમા

એક અદ્‌ભુત આતમા, વીરનો મારગ જાણતા;
મુમુક્ષુઓ વખાણતા, એ પ્રભાવશાળી આતમા. ૧.

ભાવિકને સંભાળે છે, આતમલક્ષે વાળે છે;
સંશય સૌના ટાળે છે, એ પ્રભાવશાળી આતમા. ૨

આત્મજ્ઞાનનો રસિયો છે, અમ અંતરમાં વસિયો છે;
સંસારથી દૂર ખસિયો છે, એ પ્રભાવશાળી આતમા. ૩.

કર્મશત્રુને હણનારો, સાચો અનુભવ કરનારો;
બિરૂદ ધર્યું તારણહારો, એ પ્રભાવશાળી આતમા. ૪.

સુંવાળી એની કાયા છે, શીતળ જેની છાયા છે;
તે ઉજમબાના જાયા છે, એ પ્રભાવશાળી આતમા. ૫.

રોકાયો નહિ માયામાં, જેને મોહ નથી આ કાયામાં;
રહેવું એની છાયામાં, એ પ્રભાવશાળી આતમા. ૬.

(એને) નહીં ઓળખે તે પસ્તાશે, ભવ રખડી ખત્તા ખાશે;
જાણનારા ફાવી જાશે, એ પ્રભાવશાળી આતમા. ૭.

તેને કદી ન વિસારીએ, આજ્ઞા એની શિર ધરીએ;
ભવસાગર સ્હેજે તરીએ, એ પ્રભાવશાળી આતમા. ૮.

સુવર્ણપુરી મોઝાર છે, પુણ્યશાળી પારાવાર છે;
શ્રદ્ધાથી બેડો પાર છે, એ પ્રભાવશાળી આતમા. ૯.

કરુણા અપરંપાર છે, અનંત ગુણ ભંડાર છે;
તેને વંદન લાખો વાર છે, એ પ્રભાવશાળી આતમા. ૧૦.

સદ્‌ગુરુ નાવિક તું સાચો, ઉતારું પ્રભુ હું કાચો;
મનમંદિરમાં કર વાસો, એ પ્રભાવશાળી આતમા. ૧૧.

ગુરુદેવને પાયે લાગું છું, અવિનયની માફી માગું છું;
સેવા-ભક્તિ યાચું છું, એ પ્રભાવશાળી આતમા. ૧૨.

આત્મલક્ષ્મીથી શોભે છે, જ્ઞાનગુણથી ઓપે છે;
મુક્તિના મંડપ રોપે છે, એ પ્રભાવશાળી આતમા. ૧૩.

સત્‌શાસ્ત્રોનો જાણ છે, કુંદવાણી પ્રમાણ છે;
તેનાં વચનો અમૃતખાણ છે, એ પ્રભાવશાળી આતમા. ૧૪.

એ ભારતની વિભૂતિ છે, સિદ્ધપદની સમજૂતી છે;
કેવળ કરુણામૂર્તિ છે, એ પ્રભાવશાળી આતમા. ૧૫.

સદ્‌ગુરુ બાળબ્રહ્મચારી છે, અંતરમાં અમૃત-ક્યારી છે;
એના જીવનની બલિહારી છે, એ પ્રભાવશાળી આતમા. ૧૬.

આત્મજ્ઞાનથી પંકાયા, ભારતભરમાં ઓળખાયા;
એ સુવર્ણપુરીના મહારાયા, એ પ્રભાવશાળી આતમા. ૧૭.

વિનવે પ્રભુને સર્વ સમાજ, શિવપુરીમાં રાખજો સાથ;
અમર તપો તમે હે ગુરુરાજ ! એ પ્રભાવશાળી આતમા. ૧૮.

*

## ૫૯. ગુરુદેવ પ્રત્યે ક્ષમાપના-સ્તુતિ

ગુરુદેવ! તારાં ચરણમાં ફરી ફરી કરું હું વંદના,
સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં. ૧.

કરીને કૃપાદૃષ્ટિ, પ્રભુ! નિત રાખજો તુમ ચરણમાં,
રે! ધન્ય છે એ જીવન જે વીતે શીતળ તુજ છાંયમાં. ૨.

ગુરુદેવ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના. ૩.

મન-વચન-કાય થકી થયા જાણ્યે-અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને. ૪.

તારી ચરણસેવા થકી સૌ દોષ સહેજે જાય છે,
ક્રોધાદિ ભાવ દૂરે થઈ ભાવો ક્ષમાદિક થાય છે. ૫.

ગુરુવર! નમું હું આપને, અમ જીવનના આધારને,
વૈરાગ્યપૂરિત જ્ઞાન-અમૃત સીંચનારા મેઘને. ૬.

મિથ્યાત્વભાવે મૂઢ થઈ નિજતત્ત્વ નહિ જાણ્યું અરે!
આપી ક્ષમા એ દોષની આ પરિભ્રમણ ટાળો હવે. ૭.

સમ્યક્ત્વ-આદિક ધર્મ પામું, તુજ ચરણ-આશ્રય વડે;
જય જય થજો પ્રભુ! આપનો, સૌ ભક્ત શાસનના ચહે. ૮.

*

## ૬૦. જિનવાણી જયવંત ત્રણ લોકમાં રે

ધન્ય દિવ્ય વાણી ૐકારને રે,
જેણે પ્રગટ કર્યો આત્મદેવ,
જિનવાણી જયવંત ત્રણ લોકમાં રે. ૧.

દ્વાદશાંગ વાણી મહાપાવની રે,
ત્રૈલોક્ય ઉજાળનહાર....જિનવાણી૦ ૨.

સ્યાદવાદ-અંકિત શાસ્ત્રો મહા રે,
સમયસાર પ્રવચનસાર....જિનવાણી૦
નિયમસાર પંચાસ્તિકાય....જિનવાણી૦ ૩.

સર્વાંગેથી દિવ્યધ્વનિ છૂટતી રે,
જેમાં આશય અનંત સમાય....જિનવાણી૦ ૪.

સુવિમલ વાણી વીતરાગની રે,
દર્શાવે શુદ્ધાત્મસાર....જિનવાણી૦ ૫.

શુદ્ધામૃત-પૂરિત સરિતા વહે રે,
વહે પૂર અનાદિ-અનંત....જિનવાણી૦ ૬.

માત! રત્નત્રયી દાતાર છો રે,
છો ભવસાગરની નાવ....જિનવાણી૦ ૭.

શિવમાર્ગ-પ્રકાશક ભારતી રે,
કરે કેવળજ્ઞાન-વિકાસ....જિનવાણી૦ ૮.

ખોલ્યાં રહસ્ય જિનવાણી માતનાં રે,
ગુરુ કહાન વરતાવે જયકાર....જિનવાણી૦ ૯.

જિન-ઉત્સવ અહો! વિધવિધના રે,
ગુરુકહાન-પ્રતાપે ઉજવાય....જિનવાણી૦
અમ અંતરિયાં ઉલસિત થાય....જિનવાણી૦ ૧૦.

જિનવાણી-પ્રસંગ વિધવિધના રે,
ગુરુ 'કહાન' પ્રતાપે નિરખાય....જિનવાણી૦
ગુરુ 'કહાન' મહિમા છે મહાન....જિનવાણી૦ ૧૧.

મહામંગળમૂર્તિ ગુરુ માહરા રે,
અહો! મંગળ કાર્યો કરનાર....જિનવાણી૦
દેવ-શાસ્ત્ર-ગુરુ જયકાર....જિનવાણી૦ ૧૨.

*

## ૬૧. શ્રી વીરજિનેન્દ્ર સ્તવન

મારા મંદિરિયામાં ત્રિશલાનંદ પધારિયા રે,
મારા હૈડામાંહી હર્ષ અતિ ઉભરાય,
રૂડા શ્રુતમંદિરિયે વીરપ્રભુજી પધારિયા રે...મારા૦ ૧.

ભારતના તીરથપતિ, ચોવીશમાં જિનરાય
ભરતે પધાર્યા ભાગ્યથી, ત્રણ ભુવનના નાથ.

જેને નીરખતાં જ ટળ્યા સંશય મુનિરાજના રે,
જેણે બાળવયે ફણીધર સહ ખેલ્યા ખેલ,
એવા સન્મતિદેવા આજ પધાર્યા આંગણે રે;
—એવા મહાવીરદેવા આજ પધાર્યા આંગણે રે...મારા૦ ૨.

ઉગ્ર તપસ્યા આદરી, વનમાંહી જિનરાજ;
ઉપસર્ગે નિશ્ચળ રહી, સાધ્યાં આત્મનિધાન.

વંદો વીરપ્રભુ અતિવીરપ્રભુ મહાવીરને રે,
જેની વીરતાના દેવેન્દ્રો ગુણ ગાય,
એવા વર્ધમાન જિનેન્દ્ર પધાર્યા આંગણે રે;
—એવા ત્રિલોકી ભગવાન પધાર્યા આંગણે રે...મારા૦ ૩.

કેવળ જ્યોતિ ઝળહળે, છૂટે મધુરા નાદ;
અંતર-બાહિર લક્ષ્મીથી, સુશોભિત જિનરાજ.

આજે વીરપ્રભુને રત્નોથી વધાવીએ રે,
પ્રભુને પૂજવાને આવે સુરનાં વૃંદ,
એવા વિશ્વદિવાકર દેવ પધાર્યા આંગણે રે...મારા૦ ૪.

આવો વીરજિનેન્દ્ર પધારો મારે મંદિરે રે,
પંચ-પરમશ્રુત-અક્ષરરત્ન જડ્યાં મુજ મંદિરે રે.
જેમાં ગુંજી રહ્યા છે મુક્તિ કેરા માર્ગ,
(જેમાં ગુંજી રહ્યા છે ૐધ્વનિના નાદ,)
એવાં પરમાગમ-મંદિર સ્થપાયાં આંગણે રે;
પાવન શોભી રહ્યાં જ્યાં કુંદચરણ અભિરામ,
એવાં મહિમાયુત શ્રુતમંદિર મારે આંગણે રે....મારા૦ ૫.

ભરતે વીરપ્રભુનું શાસન જયવંત શોભતું રે,
પ્રગટ્યા કુંદકુંદ-અમૃત-પદ્માદિક ગુરુકહાન,
જેણે વીરશાસનને અનેરા રંગ ચડાવિયા રે...મારા૦ ૬.

કુંદામૃત શાસ્ત્રો રચ્યાં, અણમૂલાં એ રત્ન;
ગુરુકહાને સમજાવિયાં, ખોલ્યા ઊંડા મર્મ.

કહાનગુરુએ આખા ભારતને ડોલાવિયું રે,
ગુરુને અંતર ઉલસ્યાં શ્રુત તણાં નિધાન,
જેના વદનકમળથી અમૃતરસ વરસી રહ્યા રે;
—એવા સંતજનોની મહિમા કેમ કથાય,
નિત્યે દેવ-ગુરુ ને શાસ્ત્ર વસો મનમંદિરે રે...મારા૦ ૭.

*

# ૬૨. આજ દિવ્યધ્વનિ છૂટી

(રાગ–પ્રભુ પાવન કરોને મારું આંગણું રે)

આજ દિવ્યધ્વનિ છૂટી વીરમુખથી રે,
આજ ૐધ્વનિ છૂટી વીર મુખથી રે,
અનંત જીવોના તારણહાર.....આજ૦
સહુ મહોત્સવ કરીએ આજ.....આજ૦ ૧.

આજ ઈંદ્રોના ટોળાં ઊતર્યાં રે,
આજ ભરતક્ષેત્રની માંહી.....આજ૦ ૨.

ઋજુવાલિકાએ શુક્લધ્યાન આદર્યું રે,
પ્રભુ પામ્યા છો કેવળજ્ઞાન.....આજ૦ ૩.

પ્રભુ સમોસરણ-રચના બની રે,
ભવ્યો જુએ ધ્વનિની વાટ.....આજ૦ ૪.

આજ પાત્ર ગૌતમજી પધારિયા રે,
પ્રભુ દિવ્યધ્વનિના છૂટ્યા ધોધ.....આજ૦ ૫.

વિપુલાચલે સમોસરણ જામિયા રે,
શ્રેણિક-રાજાની રાજધાની માંહી.....આજ૦
રૂડી રાજગૃહી નગરી માંહી.....આજ૦ ૬.

પ્રભુ! ગગને વાજિંત્રો વાગિયાં રે,
ગાજ્યા ત્રણ ભુવનમાં નાદ.....આજ૦ ૭.

આજ દિવ્યધ્વનિના ધોધ ઉછળ્યા રે,
આજ ૐકાર નાદો ગાજિયા રે,
જાણે ઊછળ્યો સમુદ્ર અગાધ.....આજ૦ ૮.

ચાર તીર્થ ધ્વનિરસે તરબોળ થયાં રે,
ગણધર–મુનિ–શ્રાવકનાં થયાં વૃંદ.....આજ૦
આત્મ-આનંદમાં નાચી ઊઠ્યા આજ.....આજ૦ ૯.

સાક્ષાત્ જિનેન્દ્ર ભરતમાં બિરાજતા રે;
દિવ્ય ધ્વનિની વર્ષા થાય.....આજ૦
ધન્ય ધન્ય તે દિન ને રાત.....આજ૦ ૧૦.

વીરપુત્ર એવા કહાનગુરુ પાકિયા રે,
જેણે સુણાવ્યા ૐનાં સ્વરૂપ.....આજ૦ ૧૧.

અદ્ભુત રચના રચી કહાનગુરુએ રે,
ખોલ્યા દિવ્યધ્વનિનાં રહસ્ય.....આજ૦ ૧૨.

દેવ-ગુરુની સેવા હૃદયે વસો રે,
વસો વસો પ્રભુ! એ ત્રિકાળ આજ૦ ૧૩.

*

## ૬૩. વીરપ્રભુ સિદ્ધ થયા છે

(રાગ–ભેટે ઝૂલે છે તલવાર)

નિર્વાણમહોત્સવ દિન આજ,
વીરપ્રભુ સિદ્ધ થયા છે;
વીર જિનેશ્વર સિદ્ધ થયા છે,
ગૌતમ કેવળજ્ઞાન,...વીર૦ ૧.

સમશ્રેણી પ્રભુ પાવાપુરીમાં,
મુક્તિમાં બિરાજ્યાં નાથ,...વીર૦ ૨.

અનાદિ દેહનો સંબંધ છૂટીને,
ચૈતન્યગોળો છૂટ્યો આજ,...વીર૦ ૩.

યોગ-વિભાવનું કંપન છૂટ્યું,
અનંત અકંપતા આજ,...વીર૦ ૪.

અનંત અનંત ગુણપર્યાયે પરિણમ્યા,
પ્રગટ્યો અગુરુલઘુ મહાન,...વીર૦ ૫.

પુનિત પગલાં કાલ હતાં ભરતમાં,
આજે થયા ચિદ્દબિંબ,...વીર૦ ૬.

કાલે વીરજી અરિહંત હતા,
આજે સિદ્ધ ભગવાન,...વીર૦ ૭.

ભરતક્ષેત્રે પાવાપુરીમાં,
સ્મરણ વીરનાં થાય,...વીર૦ ૮.

દેવદેવેંદ્રો પાવાપુરીમાં ઊતર્યા;
નિર્વાણમહોત્સવ કાજ,...વીર૦ ૯.

વિરહ પડ્યા આ ભરતક્ષેત્રમાં,
ત્રિલોકીનાથના આજ,...વીર૦ ૧૦.

હે વીર! હે વીર! ભરતક્ષેત્રમાં,
સેવક કરે તને સાદ,...વીર૦ ૧૧.

સિદ્ધમંદિરે નાથ બિરાજ્યા,
શાસનમાં જાગ્યા કોઈ સંત,..વીર૦ ૧૨.

સાદ સાંભળ્યો સેવક તણો એ,
જાગ્યા કુંદ-કહાન સંત,...વીર૦ ૧૩.

કુંદકુંદ-અમૃતાદિ-કહાનગુરુ પાકિયા
શાસનના રક્ષણહાર,...વીર૦ ૧૪.

કહાનગુરુને શ્રુતસાગર ઊછળ્યા,
અમૃત વરસ્યા મેહ,....વીર૦ ૧૫.

આતમ-આધાર એ અમ સેવકના,
શિવપુરનો એ સાથ,....વીર૦ ૧૬.

*

## ૬૪. વીરજીની વાણી છૂટી રે

વીર સભામાં આજ ગૌતમ પધાર્યા, અમૃત વરસ્યા મેહ રે;
વીરજીની વાણી છૂટી રે.
વૈશાખ માસથી વાદળ ચડ્યાં, આજ આષાઢે વરસ્યો મેહ રે;
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૧.

દેવ દુંદુભીનાદ ગગડિયા, ઈંદ્ર-ઈંદ્રાણી હરખાય રે;
વીરજીની વાણી છૂટી રે;
રત્ન અમોલખ ગણધરદેવશ્રી, શોભાવ્યાં શાસન રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૨.

તરસ્યાં-ચાતક—દેવ-માનવ-તિર્યંચની, તત્ત્વપિપાસા છિપાય રે,
વીરજીની વાણી છૂટી રે;
સંસારતાપના દુઃખદાવાનળ, એકીક્ષણે બુઝાય રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૩.

દર્શન-જ્ઞાન ને ચારિત્ર કેરા, મોંઘેરા ફાલ્યા ફાલ રે,
વીરજીની વાણી છૂટી રે;
મોંઘો મારગ જ્યાં મુક્તિ તણો ત્યાં, જીવોનાં જૂથ ઉભરાય રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૪.

ધન્ય નગર, ધન્ય સમવસરણ, ધન્ય ધન્ય સભા-નરનાર રે,
વીરજીની વાણી છૂટી રે;
દિવ્યધ્વનિના વહ્યા પ્રવાહ, એ ધન્ય દિવસ ધન્ય રાત રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૫.

દિવ્યધ્વનિની થોડી-શી વાનગી, પરમાગમમાં જણાય રે;
વીરજીની વાણી છૂટી રે;
ધન્ય આચાર્ય, ધન્ય ઉપાધ્યાય, ધન્ય કૃપાળુ ગુરુરાજ રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૬.

સાક્ષાત્ સુણવા એ દિવ્યધ્વનિને, મન મારું તલસાય રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં. ૭.

*

## ૬૫. વીર નિર્વાણ-સ્તવન

(રાગ—આજે પાટણપુરમાં)

આજે વીરપ્રભુજી નિર્વાણપદને પામિયા રે,
શ્રી ગૌતમ ગણધરજી પામ્યા કેવળજ્ઞાન,
સુરનર આવે નિર્વાણ-કલ્યાણકને ઊજવવા રે. આજે૦ ૧.

(સાખી)

ચરમ તીર્થંકર વીરપ્રભુ, ચોવીશમાં જિનરાય,
ભારતના વીતરાગજી, વિરહ પડ્યા દુઃખદાય.

આજે પાવાપુરમાં સમશ્રેણી પ્રભુ આદરી રે,
મુક્તિમાં બિરાજ્યા આપ પ્રભુ ભગવંત,
અહીં ભરતક્ષેત્રે તીર્થંકર વિરહ પડ્યા રે. આજે૦ ૨.

ત્રીશ વર્ષે તપ આદર્યાં, લીધાં કેવળજ્ઞાન,
અગણિત ભવ્ય ઉગારીને, પામ્યા પદ નિર્વાણ.

પ્રભુજી! આપે તો પોતાનો સ્વારથ સાધિયો રે,
અમ બાળકની આપે લીધી નહીં સંભાળ;
અમને કેવળના વિરહમાં મૂકી ચાલિયા રે. આજે૦ ૩.

તોપણ તુજ શાસનમહીં, પાક્યાં અમોલખ રત્ન,
કુંદામૃત-ગુરુકહાન છે, શાસનધોરી નાથ!

જેણે તુજ શાસનને અણમૂલ ઓપ ચડાવિયા રે,
જે છે અમ સેવકના આતમ-રક્ષણહાર,
જેણે ભારતના ભવ્યોને ચક્ષુ આપિયાં રે. આજે૦ ૪.

ભરતે વીરપ્રભુનું શાસન આજે ઝૂલી રહ્યું રે,
તે છે કહાનગુરુનો પરમ પરમ પ્રતાપ,
જેણે વીરપ્રભુનો મુક્તિમાર્ગ શોભાવિયો રે,
જેની વાણીથી જયકાર નાદો ગાજતા રે. આજે૦ ૫.

સહજ ચિદાનંદ.

*

## ૬૬. સંદેશ દેજે ગુરુદેવને

[પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભક્તિપૂર્ણ હૃદયમાંથી વહેલું]

(રાગ—અપૂર્વ અવસર એવો...)

ચાંદલિયા! સંદેશ દેજે ગુરુદેવને,
(શશિયર! સંદેશો દેજે ગુરુદેવને,)
વસી રહ્યા છે સ્વર્ગપુરીને ધામ જો;
વૈમાનિક સ્વર્ગે મુજ ગુરુજી બિરાજતા,
ઇન્દ્ર સરીખા શોભી રહ્યા એ દેવ જો....ચાંદલિયા! ૧.

વિદેહમાં સ્વર્ગેથી ગુરુજી પધારતા,
સીમંધરદર્શનથી તૃપ્તિ અપાર જો;
વૈમાનિક-પરિષદમાં ગુરુવર-બેસણાં;
ભાવભીના ઝીલે ધ્વનિ અમૃતધાર જો....ચાંદલિયા! ૨.

સ્વર્ણપુરીનાં ધામો આ સૂનાં થયાં,
ભરતક્ષેત્રને છોડી ચાલ્યા નાથ જો;
(સ્વર્ણપુરીને છોડી ચાલ્યા નાથ જો;)
તુજ વિરહે હૃદયો ભક્તોનાં રડી રહ્યાં,
ટળવળતા જ્યમ માતવિહૂણાં બાળ જો....ચાંદલિયા! ૩.

વિદેહક્ષેત્રે ગુરુજી જેમ પધારતા,
તેમ પધારો સ્વર્ણપુરી મોઝાર જો;
સ્વર્ણપુરે ભક્તો તુજ દર્શન ઝંખતા,
દર્શન દો, વાણી વરસાવો, નાથ! જો....ચાંદલિયા! ૪.

તુજ ચરણોમાં મનડું મુજ લાગી રહ્યું,
અંતરમાંહી લાગ્યો રંગ મજીઠ જો;
તુજ દર્શનની સેવકને નિત ઝંખના,
શ્રવણ કરાવો ચિદ્રસઝરતા નાદ જો....ચાંદલિયા! ૫.

વિમાનવાસી, દિવ્ય શક્તિધર દેવ છો,
વિધવિધ કાર્યે સમર્થ છો ગુરુદેવ! જો;
આશા પૂર્ણ કરોને ગુરુજી! દાસની,
સ્વર્ણે પધારી વર્તાવો જયકાર જો,
(આનંદમંગળ વર્તાવો ગુરુરાજ! જો.)....ચાંદલિયા! ૬.

ભરતે એક અજોડ રતન ગુરુજી! તમે,
અંતર ઊછળ્યાં શ્રુતસાગરનાં પૂર જો;

સ્વર્ણે નિત ગુરુમુખથી અમીવર્ષા થતી,
પંચમ કાળે પરાક્રમી ભડવીર જો....ચાંદલિયા! ૭.

ગુણમૂર્તિ અદ્‌ભુત શ્રુતધર ગુરુદેવ! છો,
ચિંતામણિ સમ ચિંતિત ફળ દાતાર જો;
મંગળતામય શીતળ તારી છાંયડી,
સત્ય ધરમના આંબા રોપ્યા નાથ! જો....ચાંદલિયા! ૮.

ગુરુજી! તારા પડ્યા વિરહ વસમા ઘણા,
તારણહાર થયા નયનોથી દૂર જો;
સેવકને છોડી ગુરુજી ચાલ્યા ગયા,
અંતરમાં તો નિત્ય બિરાજો નાથ! જો....ચાંદલિયા! ૯.

ભવભવમાં હો તુજ ચરણોની સેવના,
અનંત-ઉપકારી ભાવી ભગવંત જો;
શુદ્ધાત્માના શરણે સાધી સાધના,
નિત્યે રહેશું દેવ-ગુરુની સાથ જો....ચાંદલિયા! ૧૦.

*

## ૬૭. વીરજીનું શાસન ઝૂલે રે

વીર પ્રભુજી મોક્ષ પધાર્યા, ગૌતમ કેવળજ્ઞાન રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૧.

દેવદેવેન્દ્ર મહોત્સવ કરે જ્યાં, દિન દિવાળી ઉજવાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૨.

શૈલેશીકરણે ચડ્યા પ્રભુજી, અયોગીપદ ધર્યું આજ રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૩.

સર્વ કરમનો ક્ષય કરીને, સિદ્ધપદ પ્રાપ્તિ થાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૪.

પાવાપુરી સિદ્ધક્ષેત્ર પ્રભુજી, સમશ્રેણી કહેવાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૫.

નિર્વાણકલ્યાણક સુરપતિ ઊજવે સ્વર્ગેથી ઊતરી આજ રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૬.

અખંડાનંદસ્વરૂપ પ્રગટાવી પહોંચ્યા શિવપુરધામ રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૭.

દેવદુંદુભિ વાજિંત્ર વાગે, નિર્વાણમહોત્સવ થાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૮.

ત્રીશ વર્ષ પ્રભુ દિવ્યધ્વનિનો અપૂર્વ છૂટ્યો ધોધ રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૯.

ધ્વનિ સુણીને ભવ્ય જીવોનાં હૃદયપટ પલટાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૧૦.

વીરના વારસ કહાનગુરુજી વર્તાવે જયજયકાર રે,
વીરજીનું શાસન ઝૂલે રે. ૧૧.

*

## ૬૮. સોના-સૂરજ ઊગિયો રે

સુવર્ણપુરીમાં સોના-સૂરજ ઊગિયો રે જિનજી,
પૂર્યા પૂર્યા મોતીના ચોક,
સુરનર, આવો આવો પ્રતિમાજીને પૂજવા રે જિનજી૦ ૧.

સીમંધર પ્રભુજી આવ્યા છે અમ આંગણે રે જિનજી,
નેમજિણંદ પ્રભુ આવ્યા જયજયકાર, સુરનર૦ ૨.

ભરતભૂમિમાં સત-સાગર ઊછળી રહ્યા રે જિનજી,
આવ્યા છે મારા ત્રણ ભુવનના નાથ, સુરનર૦ ૩.

પ્રથમ જિણંદ પ્રભુ ઋષભદેવને વંદશું રે જિનજી,
વંદું વંદું મહાવીર પ્રભુ દેવ, સુરનર૦ ૪.

નંદી-મેરુ શાશ્વત જિનને વંદશું રે જિનજી,
વંદું વંદું ભાવીના ભગવંત, સુરનર૦
—વંદું વંદું જિનેશ્વરનાં વૃંદ, સુરનર૦ ૫.

કુંદકુંદ આદિ આચાર્યપ્રભુને વંદશું રે જિનજી,
વંદું વંદું સદ્ગુરુના હું પાય, સુરનર૦ ૬.

ઇન્દ્ર-નરેન્દ્રો આવે પ્રભુજીને ભેટવા રે જિનજી,
ઇન્દ્રાણી કાંઈ પૂરે મોતીના ચોક, સુરનર૦ ૭.

દેવદુંદુભિ વાજાં વાગે આંગણે રે જિનજી,
ભકતજનો સહુ આવે સ્વર્ણ મોઝાર, સુરનર૦ ૮.

જૈનશાસનના જયજયકાર ગવાય છે રે જિનજી,
શુદ્ધ ચૈતન્યના ગાજે છે એ નાદ, સુરનર૦ ૯.

સત્ય તણાં પૂર આવ્યાં છે અમ આંગણે રે જિનજી,
પ્રગટ્યાં પ્રગટ્યાં શુદ્ધસ્વરૂપનાં તેજ, સુરનર૦ ૧૦.

*

## ૬૯. સ્વર્ણમયી વધામણાં

(રાગ—આવો આવો સીમંધર જિનરાજજી રે)

સ્વર્ણપુરીમાં સ્વર્ણમયી વધામણાં રે, (૨)
સીમંધર ભગવંત (આજ) પધાર્યા મંદિરે.

આવો પધારો વિદેહી જિનરાજજી રે,
—સીમંધર જિનરાજજી રે,
મણિરત્ને વધાવું ત્રિભુવનનાથને....સ્વર્ણ૦ ૧.

વિદેહક્ષેત્રે સીમંધરનાથ બિરાજતા રે, (૨)
આજ પધાર્યા સ્વર્ણપુરીના મંદિરે;
આજ પધાર્યા ભરતભૂમિના આંગણે;

દેવ-દેવેન્દ્રો આવે જિનવર પૂજવા રે, (૨)
વિધવિધ રત્ને વધાવે જિનવરદેવને....સ્વર્ણ૦ ૨.

પંચકલ્યાણક સ્વર્ણપુરીમાં શોભતાં રે, (૨)
દૈવી દશ્યો નજરે નિહાળ્યાં નાથનાં;
પુનિત પ્રસંગો મહિમાવંત ભગવંતનાં;

આકાશે બહુ દેવદુંદુભિ વાગતાં રે, (૨)
ગંધર્વોનાં ગીત મધુરાં ગાજતાં;

કુમકુમ-કેશર સ્વર્ણપુરે વરસી રહ્યાં રે, (૨)
આકાશે બહુ રંગ અનેરા શોભતા....સ્વર્ણ૦ ૩.

શ્રેયાંસરાયા-સત્યમાતાના નંદ છો રે, (૨)
પુંડરપુરમાં જન્મ પ્રભુના શોભતા;

સમવસરણમાં વિદેહીનાથ બિરાજતા રે, (૨)
દિવ્યધ્વનિના અમૃતરસ વરસી રહ્યા....સ્વર્ણ૦ ૪.

અશોક તરુવર ઉન્નત અતિ સોહામણાં રે, (૨)
ભવ્ય હૃદયને આનંદરસ ઉપજાવતાં;
જિનજી-પ્રતાપે આનંદરસ વરસી રહ્યા;

જિનજી મારા, રત્નસિંહાસન શોભતા રે, (૨)
દિવ્ય કમળમાં અંતરીક્ષ બિરાજતા....સ્વર્ણ૦ ૫.

જિનજી મારા વીતરાગી પદ પામિયા રે, (૨)
અનંતગુણોના બાગ અહો! ખીલી રહ્યા;

જિનજી મારા કેવળજ્ઞાને શોભતા રે, (૨)
સ્વપરપ્રકાશક જ્ઞાન અહો! ઝળકી રહ્યાં ....સ્વર્ણ૦ ૬.

દિવ્ય ગુણાકર દેવ પધાર્યા આંગણે રે, (૨)
દિવ્ય રવિનાં તેજ અહો! પ્રસરી રહ્યાં;

જિનમુદ્રામાં ઉપશમરસ વરસી રહ્યા રે, (૨)
અનુપમ આનંદપૂર્ણ સ્વરૂપને પામિયા....સ્વર્ણ૦ ૭.

ત્રણ ભુવનના નાથ પધાર્યા આંગણે રે, (૨)
વિશ્વવંદ્ય ભગવંત અમારે મંદિરે;

ઈન્દ્ર-નરેન્દ્રો જિનચરણોને પૂજતા રે, (૨)
ત્રણ ભુવનમાં જિનવરગુણ ગાજી રહ્યા;
—જિનેન્દ્રભવને જિનસ્તવનો ગુંજી રહ્યાં....સ્વર્ણ૦ ૮.

પંચમ કાળે જિનવરદર્શન દોહ્યલાં રે, (૨)
વિચરંતા ભગવંત પધાર્યા આંગણે;

ભરતભૂમિમાં વિરહ હતા વીતરાગના રે, (૨)
સૌરાષ્ટ્રદેશે વિરહ હતા વીતરાગના રે, (૨)
આજ પધાર્યા જિનવર મારે મંદિરે....સ્વર્ણ૦ ૯.

જિનવર-પ્રતિમા જિનવર સરખાં જાણીએ રે, (૨)
સદ્‌ભક્તોને ભવથી પાર ઉતારતાં;
આશ્ચર્યકારી મુદ્રા પ્રભુની શોભતી રે, (૨)
ભક્તજનોને આશ્ચર્ય ઉપજાવતી;
કહાનગુરુને આશ્ચર્ય ઉપજાવતી....સ્વર્ણ૦ ૧૦.

અનિમિષ નયને નિરખું જિનવરદેવને રે, (૨)
જિનદર્શનમાં અંતરિયા થંભી રહ્યાં;
નિરખ્યા કરું હું નિશદિન શ્રી જિનનાથને રે, (૨)
જિનદર્શનમાં મનડાં અમ લાગી રહ્યાં....સ્વર્ણ૦ ૧૧.

કઈ વિધ વંદું, કઈ વિધ પૂજું નાથને રે, (૨)
તૃપ્તિ ન થાયે, અંતરિયાં ઉલસી રહ્યાં;
વિધવિધનાં પૂજન રચાવો આંગણે રે, (૨)
માણેક-મોતીનાં મંડલ મંડાવો મંદિરે....સ્વર્ણ૦ ૧૨.

રત્નચિંતામણિ નાથ પધાર્યા આંગણે રે, (૨)
જિનજી મારા સર્વ સિદ્ધિ દાતાર છે;
હીરા-મોતીના સ્વસ્તિક રચાવો આંગણે રે, (૨)
ત્રિભુવનતારક દેવ પધાર્યા આંગણે....સ્વર્ણ૦ ૧૩.

મહાભાગ્યેથી જિનવરદર્શન પામિયા રે, (૨)
પ્રભુજી મારા! નિયે દર્શન આપજો;
જિનજી મારા! નિત્યે સેવા આપજો રે, (૨)
અમ સેવકની વિનતડી સ્વીકારજો;
અમ સેવકને નિત્યે શરણે રાખજો....સ્વર્ણ૦ ૧૪.

ગુરુજી-પ્રતાપે જિનવરદર્શન પામિયા રે, (૨)
ગુરુવરજીનાં કૃપામૃત વરસી રહ્યાં;

ગુરુજી મારા! ચૈતન્યરસ વરસાવજો રે, (૨)
અમ સેવકને ભવોદધિતારણહાર છો;
દેવ, ગુરુ ને શાસ્ત્ર વસો મનમંદિરે રે, (૨)
અમ સેવકને શિવસુખના દાતાર છો....સ્વર્ણ૦ ૧૫.

*

## ૭૦. શ્રી સીમંધરભગવાન-સ્તવન

(રાગ—ગાજે પાટણપુરમાં)

સુંદર સ્વર્ણપુરીમાં સ્વર્ણ-રવિ આજે ઊગ્યો રે,
ભવ્યજનોનાં હૈયે હર્ષાનંદ અપાર,
શ્રી સીમંધર પ્રભુજી પધાર્યા છે અમ આંગણે રે.......૧.

(વસંતતિલકા)

નિર્મૂળ મોહ કરીને પ્રભુ નિર્વિકારી,
છે દ્રવ્યભાવ સહુના પરિપૂર્ણ સાક્ષી;
કોટિ સુધાંશુ કરતાં વધુ આત્મશાન્તિ,
કોટિ રવીંદ્ર કરતાં વધુ જ્ઞાનજ્યોતિ.

જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે,
જેની ભક્તિથી ચારિત્રવિમળતા થાય,
એવા ચૈતન્યમૂર્તિ પ્રભુજી અહો ! અમ આંગણે રે. સુંદર૦ ૨.

'સદ્ધર્મવૃદ્ધિ વર્તો' જયનાદ બોલ્યા,
શ્રી કુન્દના વિરહતાપ પ્રભુ નિવાર્યા;
સપ્તાહ એક વરસી અદ્‌ભુત ધારા,
શ્રી કુન્દકુન્દ હૃદયે પરિતોષ પામ્યા.

જેની વાણી ઝીલી કુન્દપ્રભુ શાસ્ત્રો રચ્યાં રે,
જેણી વાણીનો વળી સદ્ગુરુ પર ઉપકાર,
એવા ત્રણ ભુવનના નાથ અહો ! અમ આંગણે રે. સુંદર૦ ૩.

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે;
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા! નમું તને શિર નામી નામી.

જેના દ્વારા જિનજી આવ્યા, ભવ્યે ઓળખ્યા રે,
તે શ્રી કહાનગુરુનો પણ અનુપમ ઉપકાર,
નિત્યે દેવ-ગુરુનાં ચરણકમલ હૃદયે વસો રે. સુંદર૦ ૪.

✻

## ૭૧. શ્રી જિન સ્તવન

(રાગ—રઘુપતિ રાઘવ રાજારામ)

ભજ ભજ પ્યારે! ભજ ભગવાન, જો તૂ ચાહે નિજ કલ્યાણ. ટેક
શ્રી અરહંતા સિદ્ધમહાન, હૈં પરમાતમ ધરિયે ધ્યાન. ૧.
શ્રા આચારજ ગુરુ મુનિરાજ, ભજ ભજ તારનતરન જિહાજ. ૨.
વૃષભાદિક ચૌવીસ જિનેશ, ભજ સીમંધર આદિ મહેશ. ૩.
ભજ ભજ ગૌતમ ગુરુ ભગવાન, કુંદકુંદ આચાર્ય મહાન. ૪.
ભજ અકલંક મહાવિદ્વાન, સ્વામી વિદ્યાનંદ મહાન. ૫.
ઉન સબકો પહિચાવનહાર, પરમ પ્રતાપી ભજ ગુરુ કહાન. ૬.
ભજ જિનવાણી સરસ્વતિ નામ, ઉત્તમ ધામ મિલે તુમદાસ. ૭.

✻